RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 304, Dt.13-3-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજ્યમાં નવા જંત્રીદર લાગુ કરવા તૈયારી શરૂ

## ૧ એપ્રિલથી લાગુઃ નવા નાણાંકીય વર્ષથી પ્રોપર્ટી મોંઘી થશે : રિયલ એસ્ટેટ ક્ષેત્રને મોટો ફટકો પડવાના એંધાણઃ શહેરી ક્ષેત્રમાં જંત્રી દરમાં આંશિક રાહત અપાશે, ગ્રામ્યસ્તરે યથાવત રહેશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાત સરકારે આગામી ૧ એપ્રિલના નવા નાણાંકીય વર્ષથી રીઅલ એસ્ટેટ ક્ષેત્રે નવા જંત્રીદર લાગુ કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. ચારેક માસ પૂર્વે જારી કરાયેલા મુસદ્દામાં ધરખમ વધારો સુચવાયો હતો તે સામે વ્યાપક વિરોધ ઉઠયો હતો. હવે એવા નિર્દેશ છે કે સરકાર શહેરી વિસ્તારમાં જંત્રીદરમાં સૂચવાયેલા દરમાં થોડો ઘણો ઘટાડો કરી દેશે જયારે ગ્રામ્ય સ્તરે સુચવાયેલા જંત્રીદર યથાવત રાખશે. શહેરોમાં આવાસ ક્ષેત્રે મોટો બોજ પડતો રોકવાના ઉદ્દેશથી આંશિક રાહ અપાશે.

રાજ્યમાં નક્કી કરાયેલા શહેરી કક્ષાએ ૨૩,૮૪૫ અને ગ્રામ્ય કક્ષાએ ૧૭,૧૩૧ મળીને કુલ નવા વેલ્યૂઝોન મુજબ જમીન-મિલકતોની બજાર કિંમત નક્કી કરવા માટેની કમરતોડ નવી જંત્રીના દરની અમલવારી ૧લી એપ્રિલ-૨૦૨૫થી કરાશે. મંગળવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં આ સંકેત અપાયા છે.

સરકારના ઉચ્ચ સૂત્રોની જાણકારી મુજબ, મુખ્યમંત્રી કક્ષાએ એ પણ નક્કી કરાયું છે કે, રાજ્ય સરકાર દ્વારા ૨૦ નવેમ્બર-૨૦૨૪ના રોજ જાહેર કરાયેલા મુસદારૂપ નવી જંત્રી અંગે વાંધા-સૂચનો મેળવાયા બાદ પણ આ મુસદારૂપ જંત્રીના ભાવ-દરમાં કોઈપણ જાતનો ફેરફાર અર્થાત વધારો કે ઘટાડો નહીં કરવામાં આવે.

પરિણામે, ગુજરાતભરમાં જમીનો અને મિલકતોની બજાર કિંમતોમાં ભારેખમ વધારો નોંધાશે. જેની સીધી અસર રિઅલ એસ્ટેટની સાથાસોથ ઘરનું ઘર ખરીદવાનું સપનું જોતા સામાન્ય કે મધ્યમ વર્ગના લોકો માટે મુશ્કેલ જ નહીં, પરંતુ અતિ-મુશ્કેલ બની જશે.



આ ભારેખમ નવી જંત્રીના અમલને કારણે રાજ્ય સરકારની સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફીમાં પણ ધરખમ વધારો થશે. ૨૦૨૪-૨૫ના વર્ષમાં સરકારની સ્ટેમ્પ ડ્યૂટી-નોંધણી ફીની આવક રૂ. ૧૬,૪૯૩ કરોડની હતી. જ્યારે ૨૦૨૫-૨૬માં સરકારને સ્ટેમ્પ ડ્યૂટી-નોંધણી ફીના આવક રૂ. ૧૯,૮૦૦ કરોડ થશે એવો અંદાજ મૂકાયો છે.

જે ૨૦૨૪-૨૫ની સરખામણીમાં રૂ. ૩૩૦૭ કરોડ વધુ હશે પરંતુ ૧લી, એપ્રિલથી નવી જંત્રીના અમલને કારણે સરકારના સ્ટેમ્પ ડ્યૂટી-નોંધણી ફીની આ અંદાજિત આવકમાં પણ ભારે વધારો થવાની શક્યતા તથા લોકો ઉપર એટલો જ વધારાના ટેક્સનો બોજો પડે એવી શક્યતા નકારી શકાતી નથી.

અત્યારે ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે. આગામી તહેવારોની વ્યસ્તતા અને રજાઓને કારણે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મંત્રીમંડળની બેઠક મીને મંગળવારે મળી હતી. સરકારના ઉચ્ચતમ સૂત્રોની જાણકારી મુજબ, આ બેઠકમાં સરકાર દ્વારા જાહેર કરાયેલી મુસદ્દારૂપ જંત્રી, તેના માટે જિલ્લા, શહેરો-ગ્રામ્ય કક્ષાએથી મગાવાયેલા વાંધા-સૂચનો સહિતના મુદ્દાઓ ઉપર વિગતે ચર્ચા થઈ હતી.

જેમાં મોટાભાગના મંત્રીઓએ પોત-પોતાના મત-વિસ્તારો અને તેમને મળેલા પ્રતિનિધિ મંડળો,તેમના દ્વારા થયેલી જંત્રીના અમલ વિષયક વિરોધી રજૂઆતો બાબતે મુખ્યમંત્રીનું ધ્યાન દોર્યું હતું, પરંતુ આંચકાજનક બાબત એ જાણવા મળી છે કે, મુખ્યમંત્રીએ આ બેઠકમાં નવી જંત્રીના અમલ માટે પોતાની મક્કમતા જાહેર કરીને નવી જંત્રીના નવા દરોમાં કોઈપણ જાતના ફેરફાર કે ઘટાડાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો.

તેમનું કહેવું હતું કે, રાજ્ય સરકાર દ્વારા જયારે પણ નવી જંત્રીનો અમલ કરાય છે ત્યારે શરૂઆતમાં લોકો અને તેમના વિવિધ વર્ગોમાંથી તેનો સખત વિરોધ જરૂર થાય પણ સમય જતા તે શાંત પડી જાય છે.

એટલે આ નવી જંત્રીનો અમલની જાહેરાત ૩૦મી માર્ચ-૨૦૨૫ના રોજ કરીને સરકાર ૧લી એપ્રિલ-૨૦૨૫થી તેનો અમલ કરાશે તે નક્કી મનાય છે. ગુજરાત સરકારે ૨૦ નવેમ્બર-૨૦૨૪ના રોજ નવી જંત્રીનો મુસદ્દો જાહેર કર્યો હતો.

---

**મુખ્ય સમાચાર** સાંધ્ય દૈનિક

### ધુળેટીના તહેવાર નિમિતે કાલે શુક્રવારનો અંક બંધ રહેશે

ધુળેટીના તહેવાર નિમિતે તા.૧૪ને શુક્રવારના રોજ 'મુખ્ય સમાચાર' કાર્યલય રજા પાડશે જેથી તા.૧૪ને શુક્રવારનો અંક પ્રસિદ્ધ થશે નહીં. તા.૧૫ને શનિવારનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની વાંચક મિત્રો, વિજ્ઞાપનદાતાઓ અને એજન્ટ મિત્રોએ નોધ લેવા વિનતિ છે.

\- મેનેજિંગ તંત્રી

---

# વિદેશી રમકડાંની આડમાં MD-ચરસ-ગાંજાની દાણચોરી પકડાઈઃ ૩.૪૫ કરોડની કિંમતનો જથ્થો પકડાયો

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

અમદાવાદમાં વિદેશથી એમડી ડ્રગ્સ, ચરસ અને ગાંજાની દાણચોરીની મોટી ઘટના બની છે અને રમકડાંની આડમાં આ કૃત્ય કરવામાં આવી રહ્યું હતું. અમદાવાદની ક્રાઈમ બ્રાન્ચે આ મામલે મોટી કાર્યવાહી કરતાં લગભગ ૩.૪૫ કરોડની કિંમતનો જથ્થો ઝડપી પાડ્યો હતો. વિદેશથી પાર્સલની આડમાં ઓનલાઈન મંગાવેલું ડ્રગ્સ ફોરેન પોસ્ટ ઓફિસથી ઝડપી પાડ્યું હતું. ઉલ્લેખનીય છે અગાઉ પણ ડાર્ક વેબ અને અલગ-અલગ વીપીએનની મદદથી ઓનલાઈન મંગાવવામાં આવતા ડ્રગ્સના જથ્થાને ઝડપી પાડવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર હોળી ધૂળેટીના તહેવારોના ટાળે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ડ્રગ્સનો મોટો જથ્થો પકડી પાડ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે છેલ્લા કેટલાક સમયથી ડાર્ક વેબ અને અલગ અલગ વીપીએનને મદદથી વિદેશથી ઓનલાઈન ડ્રગ્સ મંગાવવામાં આવી રહ્યું છે. જેને લઈને ક્રાઈમ બ્રાન્ચ અને અન્ય એજન્સીઓ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી હતી. આ દરમિયાન ફોરેન પોસ્ટ ઓફિસમાં શંકાસ્પદ કુરિયર પહોંચ્યા હોવાની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે રેડ પાડી તપાસ કરતાં આ કુરિયરમાં રમકડાંની આડમાં સંતાડેલું ૩.૪૫ કરોડનું ડ્રગ્સ મળી આવ્યું હતું. આ ડ્રગ્સમાં ચરસ, હાઈબ્રીડ ગાંજો અને એમ.ડી. ડ્રગ્સ હોવાનું જાણવા મળ્યું છે. આ ડ્રગ્સનો જથ્થો થાઈલેન્ડ, કેનેડા અને યુએસએ જેવા દેશોમાંથી ઓર્ડર કરવામાં આવતા હોવાની શંકા છે. આ સમગ્ર મામલે ક્રાઈમ બ્રાન્ચે વધુ તપાસ હાથ ધરી સમગ્ર રેકેટનો પર્દાફાશ કરવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ પાસેથી મળતી માહિતી પ્રમાણે, ઓનલાઈન આ ડ્રગ્સ મંગાવવામાં આવ્યું હતું. પરંતુ તેના રિસિવર અંગેની તપાસ



ચાલી રહી છે. યુએસએ, કેનેડા અને થાઈલેન્ડ જેવા દેશોમાંથી ડાર્ક વેબથી આ ઓર્ડર કરવામાં આવ્યો હોવાની શક્યતા છે. જે સંદર્ભે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ તપાસ કરી રહી છે.

---

# રાજકોટ સહિતના મહાનગરોમાં વર્કિંગ વુમન માટે સાત હોસ્ટેલ બનાવાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્ય વિધાનસભા ગૃહમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના રૂ.૭૬૬૮ કરોડના વિભાગીય બજેટ (માંગણીઓ) રજૂ કરાયું હતું. જેના ઉપર ચર્ચા હાથ ધરાયા બાદ મંત્રીના જવાબ પછી આ વિભાગનું બજેટ વિધાનસભા ગૃહમાં મંજૂર કરાયું હતું.

વિધાનસભા ગૃહમાં આ વિભાગની ચર્ચામાં મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાની ગેરહાજરીમાં તેમના વતી રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જવાબ આપ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની મહિલાઓ પુરૂષ



સમોવડી થઈને પોતાના ગામ-શહેરથી દૂર જઈને અન્ય શહેરોમાં કામગીરી કરી રહી છે. આવી વર્કિંગ મહિલાઓ માટે રાજ્ય સરકારે અમદાવાદ, ગાંધીનગર, રાજકોટમાં એક-એક અને વડોદરા-સુરતમાં બે-બે મળીને કુલ ૭ વર્કિંગ વિમેન્સ હોસ્ટલ બનાવશે.

જ્યાં વર્કિંગ મહિલાઓને નજીવા ખર્ચે સંપૂર્ણ સુરક્ષિત વાતાવરણ સાથે ભોજનાલય ઉપરાંતની તમામ જરૂરી સુવિધાઓ પૂરી પડાશે. રાજ્યની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના દ્વારા ગુજરાતની ૧૬.૪૯ લાખથી વધુ ગંગા સ્વરૂપા બહેનોને દર મહિને રૂ. ૧૨૫૦ની સહાય, એટલે કે, વાર્ષિક રૂ. ૧૪ કરોડથી વધુની સહાય આ ગંગા સ્વરૂપા બહેનોના બેંક ખાતામાં જમા થઈ રહી છે.

મહિલાઓને હિંસાથી બચાવવા અને કાયદાકીય સહાય ઉપરાંત આશ્રય આપવા માટે રાજ્યમાં ૩૫ સખી વન સ્ટોપ કેન્દ્રો કાર્યરત છે. દીકરીઓના જન્મ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા વ્હાલી દીકરી યોજના કાર્યરત છે. જે અંતર્ગત એક દીકરીને વિવિધ તબક્કે મળી કુલ રૂ. ૧.૧૦ લાખની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી રહી છે.

---

# શિક્ષણના અધિકાર હેઠળ પ્રાથમીક-ખાનગી શાળાઓ પ્રવેશ માટે કુટુંબની આવક મર્યાદા ૬ લાખ કરાશે

## આગામી શૈક્ષણિક વર્ષથી અમલ : સરકારની અન્ય કલ્યાણકારી યોજના સમકક્ષ આવક મર્યાદા લવાશે; ગેરરીતિ ઘટાડવાનો પ્રયાસ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

દેશમાં શિક્ષણના અધિકાર હેઠળ પ્રાથમીક-ખાનગી શાળાઓએ ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને માટે નિશ્ચિત કરાયેલા ક્વોટામાં હવે આ બેઠકો પર પ્રવેશ માટે જે તે બાળકના કુટુંબની વાર્ષિક આવક જે રૂા.૧.૫૦ લાખની મર્યાદા છે તે વધારવા રાજ્ય સરકાર વિચારણા કરી રહી છે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ પાસે આ અંગે એક દરખાસ્ત મુકવામાં આવી છે. જેમાં રૂા.૧.૫૦ લાખની જે આવક મર્યાદા છે તેમાં ચારગણો વધારો કરી સીધો રૂા.૬ લાખ કરવા માટે તૈયારી છે.

રૂા.૧.૫૦ લાખની આવક એ વાસ્તવિક પણ નથી અને તેથી તેનાથી ઉંચી આવક ધરાવતા પરિવારો અને કયારેક તો ઘરનું મકાન-કાર સહિતની સુવિધા ધરાવતા મહિલાએ કાગળ પર તેની આવક રૂા.૧.૫૦ લાખની મર્યાદામાં બતાવીને તેમના સંતાનોના સારી સ્કુલોમાં કોઈ ફી વગર ભણાવવામાં અનેક પ્રકારની ગેરરીતિ પણ આવરી રહ્યા છે.તો ખરેખર રૂા.૧.૫૦ લાખ થોડી વધુ આવક ધરાવતા પરિવારો આ પ્રકારના પ્રવેશથી વંચિત રહી જાય છે.

હાલ રાજયની ખાનગી શાળાઓમાં આ પ્રકારે ૨૫% બેઠકો અનામત છે. જેની સંખ્યા ૧ લાખ જેટલી થાય છે. આ અંગે શિક્ષણ રાજયમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ એક વાતચીતમાં સ્વીકાર્યુ કે સરકાર આરટીઈ હેઠળના



પ્રવેશમાં આવક મર્યાદા વધારવા પર વિચારણા કરી રહી છે અને આ અંગે ટુંક સમયમાં જ નિર્ણય લેવાશે.

આ આવક મર્યાદા વધારવાનો તર્ક મહત્વનો છે. સરકારની અન્ય કલ્યાણકારી યોજનાઓના લાભ માટે રૂા.૬ લાખ સુધીની આવક મર્યાદા છે અને તેથી સરકાર આરટીઈમાં પણ તેજ માપદંડ અપનાવવા જઈ રહી છે. સરકાર આ પ્રકારે દાખલ થતા વિદ્યાર્થીઓની ફી પેટે જે તે શાળાને પ્રતિ વિદ્યાર્થી રૂા.૧૩૦૦૦ ચુકવે છે અને ખાનગી તથા ગ્રાન્ટેડ શાળાના સંચાલકોએ પણ આ મર્યાદા વધારવા માંગ કરી છે.

---

# ચેક રિટર્નના કેસોનું ભારણ ઘટાડવા ચાર નવી કોર્ટ શરૂ કરાશે

**મુખ્ય સમાચાર,અમદાવાદ**


અમદાવાદમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના ચેક રિટર્નના કેસોના નોંધપાત્ર વધારો થયો છે. જેને લઈને આ કેસોના ઝડપી અને અસરકારક નિકાલ માટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ચેક રિટર્નના કેસની વધારાની ચાર નવી કોર્ટો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

નવી ચાર કોર્ટો હોળી પછી ૧૭મી માર્ચથી ધમધમતી થઈ જશે. જો કે, ચેક રિટર્નના કેસોની નવી કોર્ટોમાં હાલની ઘી કાંટા સ્થિત ફોજદારી કોર્ટ(મેટ્રો.કોર્ટ)ના જજો ત્યાં ટ્રાન્સફર થતાં તેમની જગ્યા ખાલી પડશે. તેથી આ સબંધિત મેટ્રો કોર્ટની કામગીરીને અસર થશે.

અલબત્ત, અરજન્ટ ચાર્જની કામગીરીને પહોંચી વળવા આ મેટ્રો કોર્ટનો ચાર્જ અન્ય કોર્ટોને આપવામાં આવ્યો છે. પરંતુ તેમછતાં રૂટીન કામગીરીને અસર થશે તે નક્કી છે.

પચેક રિટર્નના કેસોનું ભારણ ઘટાડવા અને પડતર કેસોના ઝડપી અને અસરકારક નિકાલના ઉમદા આશયથી ગુજરાત હાઈકોર્ટ દ્વારા ચાર નવી કોર્ટો અપનાબજાર બહુમાળી બિલ્ડીંગ, લાલ દરવાજા ખાતે શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે, તેનાથી કેસોનું ભારણ નિશંકપણે ઘટશે.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળના ચેક રિટર્નના કેસોની હાલ



કુલ ૧૨ કોર્ટો આવેલી છે, જે તમામ અપનાબજાર, બહુમાળી બિલ્ડીંગમાં જ કાર્યરત છે. આ ઉપરાંત બે ઓનલાઈન કોર્ટો થોડા સમય પહેલાં જ શરૂ કરવામાં આવી હતી અને હવે આ નવી ચાર કોર્ટો ઉમેરાશે એટલે કે, ચેક રિટર્નના કેસોની કુલ કોર્ટ ૧૮ થશે.થ

અમદાવાદ સહિત રાજ્યની જુદી જુદી ચેક રિટર્નના કેસોની કોર્ટોમાં લાખો કેસો પેન્ડીંગ બોલી રહ્યા છે, જેમાં આખા રાજ્યમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં આશરે ૩.૭૫ લાખથી વધુ કેસો ચેક રિટર્નના ઘણાં સમયથી પડતર બોલી રહ્યા છે. નોંધનીય વાત એ છે કે, રાજયમાં ચેક રિટર્નના જે કુલ પડતર કેસો છે, તેમાં એકલા અમદાવાદમાં જ આશરે ૬૦ ટકા કેસો તો પડતર છે.

---

# યુદ્ધ વિરામ ન સ્વીકારે તો રશિયા પર વધુ આર્થિક પ્રતિબંધ : ટ્રમ્પની ધમકી

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

એક બાદ એક દેશો પર પોતાનો એજન્ડા લાદી રહેલા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે ૩૦ દિવસના યુદ્ધ વિરામ માટે યુક્રેનને સંમત કર્યા બાદ પણ રશિયાએ યુદ્ધ વિરામ તેના સમયે અને શરતો એ થશે તેવી જાહેરાત કરતા જ ટ્રમ્પે હવે રશિયા સામે વધુ આર્થિક પ્રતિબંધ લાદવા ધમકી આપી છે.



ટ્રમ્પે જણાવ્યું કે, યુક્રેન તરફથી તેને યુદ્ધ વિરામ માટે હકારાત્મક સંદેશ મળ્યા છે. હું રશિયાના પ્રતિભાવની રાહમાં છું. હવે રશિયા અને અમેરિકા સાથે મળીને યુદ્ધ વિરામની સ્થિતિ બનાવશે.

તેઓએ કહ્યું કે, અમારા પ્રતિનિધિ રશિયા જઈ રહ્યા છીએ અને આશા છે કે હકારાત્મક પ્રતિભાવ મળશે. જો કે રશિયાએ જાણ કર્યુ છે કે, તેને આ યુદ્ધ વિરામ સંબંધી કોઈ માહિતી અમેરિકા તરફથી મળી નથી અને જે કઈ સમજુતી થાય તેમાં રશિયન દળોની આગેકૂચ પણ અમારી ચિંતાનો પડઘો પાડનારી હોવી જરૂરી છે.

બીજી તરફ ટ્રમ્પે કહ્યું કે, રશિયા યુદ્ધ વિરામનો અર્થ સમજશે પણ તેના જવાબની ઘણી અપક્ષા રખાય છે.

તેઓએ કહ્યું કે જો રશિયા માને નહી તો હું આર્થિક પ્રતિબંધ લાદી શકુ છુ જે સૌથી મજબૂત પગલુ હશે. હજુ મે તેની પુરી માહિતી તૈયાર કરી નથી પણ ચોકકસપણે આ પ્રકારના પ્રતિબંધો યુક્રેનને મજબૂત બનાવશે.

---

# ભારત ૨૦૩૫ સુધીમાં વિશ્વનું સૌથી વધુ પસંદગીનું IPO બજાર બનશેઃ નંદન નીલેકણી

## ૨૦૩૫ સુધીમાં ૧૦ લાખ સ્ટાર્ટઅપ્સ હશેઃ ૮ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નીલેકણીએ કહ્યું છે કે ભારત ૨૦૩૫ સુધીમાં વિશ્વનું સૌથી વધુ પસંદગીનું પ્રારંભિક જાહેર ઓફર બજાર બનશે. કંપનીઓ ભારતમાં પાછા લિસ્ટ થવા માંગે છે, તેમણે બુધવારે બેંગલુરુમાં આયોજિત અસિફળટઈ કાર્યક્રમમાં જણાવ્યું હતું. લોકો પાછા ફરી રહ્યા છે, ઘરે પાછા ફરવાનું થઈ રહ્યું છે.

૨૦૩૫ સુધીમાં ૧૦ લાખ સ્ટાર્ટઅપ્સ હશે

નીલેકણીએ ભારતમાં સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં ઝડપી વળદ્ધિની આગાહી કરી હતી. તેમણે કહ્યું, અમે ૨૦૩૫ સુધીમાં ૧૦ લાખ સ્ટાર્ટઅપ્સની અપેક્ષા રાખીએ છીએ. સ્ટાર્ટઅપ્સ વધુ સ્ટાર્ટઅપ્સ બનાવશે.

ઝડપી વિકાસ માટે ચાર મોટા ફેરફારો જરૂરી છે

નીલેકણીએ ભારતના આર્થિક વિકાસને ૬% થી ૮% સુધી વધારવા અને ૨૦૩૫ સુધીમાં તેને ૮ ટ્રિલિયન અર્થતંત્ર બનાવવા માટે ચાર મોટા ફેરફારોની જરૂર હોવાનું ઓળખ્યું. તેમણે કહ્યું, નસ્નભવિષ્ય માટે ચાર મોટા ખુલાસાની જરૂર છે - ટેકનોલોજી, ઉદ્યોગસાહસિકતા, ઔપચારિકીકરણ અને મૂડી.થથ

ડિજિટલ પરિવર્તનમાં ભારતની સફળતા નીલેકણીએ ભારતના ડિજિટલ પરિવર્તનની પ્રશંસા કરી અને ઈલેક્ટ્રોનિક ટોલ પેમેન્ટ અને ડિજીયાત્રાની સફળતા પર પ્રકાશ પાડ્યો. આજે આપણી પાસે ઈલેક્ટ્રોનિક ટોલ પેમેન્ટ માટે એક જ સિસ્ટમ છે, તેમણે કહ્યું. ડિસેમ્બર ૨૦૨૨ થી, ડિજીયાત્રાએ ૧.૪ કરોડ મુસાફરોને મદદ કરી છે.

તેમણે એમ પણ કહ્યું કે ભારત એક જ શ્રમ બજાર છે, જ્યારે ચીન એક જ શ્રમ બજાર નથી.

આર્થિક અસમાનતા અને નાના વ્યવસાયોની સમસ્યાઓ નીલકન્નીએ કહ્યું કે દેશના વિવિધ રાજ્યોના GDP અને જન્મ દરમાં મોટો તફાવત છે, જેના કારણે મોટી સંખ્યામાં લોકો સ્થળાંતર કરી રહ્યા છે. ભારતના વિવિધ ભાગોમાં મોટા પાયે સ્થળાંતર થઈ રહ્યું છે, પરંતુ આવકની અસમાનતા યથાવત છે, તેમણે કહ્યું. નાના વ્યવસાયો



સામે આવતા પડકારો વિશે વાત કરતાં તેમણે કહ્યું, નાના વ્યવસાયો વિકાસ કરી શકતા નથી કારણ કે તેમને મૂડી મળતી નથી. જો આપણે ઝડપથી વિકાસ કરવા માંગતા હોય, તો આ સમસ્યાનો ઉકેલ લાવવો પડશે. નીલેકણીનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર ભાર નંદન નીલેકણીએ ભારતના ડિજિટલ ભવિષ્ય માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ને મહત્વપૂર્ણ ગણાવ્યું. ઓપન-સોર્સ AI મોડેલ્સનો ધ્યેય ભારતીય ભાષાઓમાં વધુ ડેટા જનરેટ કરવાનો હોવો જોઈએ.

તેમણે કળષિ અને શિક્ષણમાં AI નો ઉપયોગ કરવાની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું, કળષિમાં AI નો ઉપયોગ કેવી રીતે થઈ શકે તેના પર ધ્યાન આપવાની જરૂર છે. ઓપન એગ્રી નેટવર્ક મોટા પાયે AI અપનાવશે. શિક્ષણમાં પણ AIનો ઉપયોગ થવો જોઈએ.

# જામનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા યોજાઈ



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગરપાલિકાની ખાસ જનરલ બોર્ડની આજે મળેલી બેઠકમાં બેઠકમાં ન. પ્રા. શિક્ષણ સમિતિના ૩૫ કર્મચારીઓને હાઈકોર્ટના નિર્દેશ મુજબ તેના રોકાતા પગાર-ભથ્થાના રૂ.૧૦ કરોડ જેટલી રકમ ચુકવવા, રંગમતી નદી ઉપર ખાનગી ધોરણે બ્રીજ બાંધવા, ટીપી. સ્કીમના પ્લોટોના હેતુ નક્કી કરીને સરકારમાં પરામર્શ મોકલવા મુદ્દે ચર્ચા હાથ ધરાઈ હતી. ચર્ચાના અંતે તમામ પાંચ એજન્ડાની દરખાસ્ત સર્વાનુમતે મંજૂર કરાઈ હતી.જામનગર મહાનગરપાલિતકાની સત્તાધિશોને હાઈકોર્ટના ડાયરેક્શન મુજબ જે મુદ્દે ખાસ જનરલ બોર્ડની બેઠક બોલાવવી પડી છે. તે પ્રકરણ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં જે તે સમયે ભરતી થયેલા પાર્ટ ટાઈમ પટ્ટાવાળા અને ફુલટાઈમ ચોકીદાર ક્રમ પટ્ટાવાળાઓનું છે. ૧૨ કર્મચારીઓ પોતાને કાયમી કરવા તેમજ રોકાતા પગાર-ભથ્થા મેળવવા હાઈકોર્ટમાં ગયા હતા. જેમાં તેઓને ટર્મીનલ બેનીફીટ આપવા અને અન્ય પાર્ટ ટાઈમ પટ્ટાવાળાઓને કાયમી કરવા મુદ્દે પણ મામલો હાઈકોર્ટ ગયો હતો.બાદમાં આ વિવાદનું સમાધાન કરવા માટે ગત તા.૮/૧/૨૦૨૫ની સ્ટેન્ડિંગ કમિટીમાં નિર્ણય લેવાયો. હતો. જેને આજની જનરલ બોર્ડની બેઠકમાં બહાલી આપવામાં આવશે. આ ઉપરાંત શહેરના સર્વે નંબર-૨૭૭તેમજ વિભાપર ગામના સર્વે નંબરો તથા રંગમતી નદી ઉપર સ્વખર્ચે બ્રીજ બનાવવા હિરેનભાઈ રામદેવ ડેરની રજુઆત અંગે, કામચલાઉ પુનઃ નગર રચના નં.૨૧ અને ૨૩ના પ્લોટો તેમજ રસ્તાઓને પરામર્શ માટે રાજ્ય સરકારને મોકલવા નિર્ણય કરાયો હતો.

જામનગર મહાનગરપાલિકામાં વર્ષોથી ફરજ બજાવતા કોન્ટ્રાક્ટ બેઈઝના અને કરાર આધારીત કર્મચારીઓને માટે ખાસ સામાન્ય સભામાં લાભકારી નિર્ણય લીધો હોવાનું મેયર વિનોદ ખીમસુર્યાએ જણાવ્યું હતું.જામનગર મહાનગરપાલિકાના ખાસ જનરલ બોર્ડમાં વિરોધપક્ષના સભ્યો અસ્લમ ખિલજીએ કાલાવડ નાકા બહારના વર્ષો જૂના જર્જરીત થઈ ગયેલા પુલની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ હોય જે પ્રશ્ને સત્તાપક્ષને અભિનંદન આપ્યા હતાં. સાથે સાથે એવી પણ વિનંતી કરી હતી કે આ પુલનું કામ તાત્કાલિક શરૂ કરવામાં આવે અને કેટલાં સમયમાં શરૂ કરાશે? તે અંગે પ્રશ્ન કરતાં મહાનગરપાલિકાના સિટી એન્જીનિયર ભાવેશ જાનીએ જણાવ્યું હતું કે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા પછી સ્ટેન્ડીંગ કમિટીમાં મંજૂર થયા બાદ આ પુલનું કામ શરૂ થશે. ટૂંકમાં મે મહિનાના અંતમાં પૂર્ણ થવાની ધારણા વ્યકત કરી હતી.વિરોધપક્ષના પૂર્વ નેતા અલ્તાફ ખફીએ કામચલાઉ એટલે શું? તેવો પ્રશ્ન કરી જેટકો કંપનીને રોડ આપવા માટેની દરખાસ્ત ઉપર બોલતા જણાવ્યું હતું કે, આ યોજના અંગે કમિશનરનો અભિપ્રાય પણ શું છે? તે અંગે વિચારણા કરવી જોઈએ. તેમજ ડીઆરએલનો અહેવાલ કે નકશાઓ પણ જોડેલ નથી. જેટકો કંપનીને આ રસ્તો આપવાની દરખાસ્ત છે તે અંગે તેઓએ મહાનગરપાલિકાના મેયર ઉપર નિશાન તાક્યું હતું એટલું જ નહીં ટીપીઓની રિપોર્ટ પણ નેગેટીવ છે. ખેડૂતોની જમીનમાં પણ આ રસ્તો અસરગ્રસ્ત થશે. જેથી ખેડૂતોને અન્યાય ન થાય તે જોવા માંગ કરી હતી અને આ દરખાસ્ત વિરોધપક્ષના વિરોધ વચ્ચે બહુમતીના જોરે મંજૂર કરી પાપના ભાગીદાર ન બનવા અનુરોધ કર્યો હતો.મહાનગરપાલિકાના મહેકમમાં ભરતી કરવા માટે ચેર ઉપરથી મેયરે દરખાસ્ત રજૂ કરી હતી. મહાનગરપાલિકામાં વર્ષોથી ફરજ બજાવતા હોય તેવા કર્મચારીઓને ન્યાય આપવા માટેની આ દરખાસ્ત રજૂ કરાઈ હતી અને જેમાં ભરતી પ્રક્રિયાની અંદર જૂના કર્મચારીઓ માટે ૫૦ ટકા અને નવા કર્મચારીઓ માટે ૫૦ ટકા જે મુજબ પરીક્ષામાંથી માર્કીંગ પ્રક્રિયા હાથ ધરાશે. આ દરખાસ્તથી મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને ન્યાય મળશે તેમ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન નિલેશ કગથરાએ જણાવ્યું હતું.

આ દરખાસ્ત કમશિનર દ્વારા રજૂ કરવા બદલ અભિનંદન આપ્યા હતાં. વિપક્ષના કોર્પોરેટર આનંદ રાઠોડે એવું સુચન કર્યુ હતું કે ૨૦૧૪ માં પ્રથમ વાર દરખાસ્ત આવી હતી ત્યારે પટ્ટાવાળા સહિત જુદી જુદી કેડરના ૫૪ કર્મચારીઓ હતાં. આ કર્મચારીઓ માટેની દરખાસ્ત પણ મંજૂર થઈ હતી પણ કોઈને કોઈ કારણસર અમલવારી થઈ ન હતી.

# ધ્રોલ તાલુકાના લતીપર ગામે આયુષ મેળાનું આયોજન કરાયું





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર, નિયામક આયુષની કચેરી ગાંધીનગર તથા જિલ્લા આયુર્વેદ અધિકારી જામનગરના માર્ગદર્શન હેઠળ ધ્રોલ તાલુકાના લતીપર ગામે આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં આયુર્વેદ નિદાન સારવાર કેમ્પ, હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પ, યોગા નિદર્શન, સુવર્ણ પ્રાશન, પંચકર્મ માર્ગદર્શન, રોગપ્રતિકારક શક્તિ વર્ધક ઔષધ વિતરણ, પ્રકૃતિ પરીક્ષણ, આયુર્વેદ પ્રદર્શનની, સ્વસ્થવૃત અંગેનું માર્ગદર્શન, વૃદ્ધાવસ્થા જન્ય રોગોની સારવાર, અમૃત પેય ઉકાળા વિતરણ, વન ઔષધી પ્રદર્શન અને ઔષધ રોપા વિતરણ જેવી સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા તથા જામનગર જિલ્લા આયુર્વેદ અધિકારી ડો.આનંદ જયસ્વાલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતુ.સાથે જ લતીપર ગામના આંગણવાડીના કુપોષિત બાળકોને બાલ આયુષ કીટ તેમજ આશા વર્કર બહેનોને આશા કીટનું મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ મહાનુભાવો દ્વારા આયુષ મેળામાં પ્રદર્શન માટે રાખવામાં આવેલ અલગ અલગ સ્ટોલની મુલાકાત લઈ આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત જામનગર દ્વારા કરવામાં આવેલ આયુષ મેળાના સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યાં હતા.

આ આયુષ મેળા અંતર્ગત લાભાર્થીઓને આયુર્વેદ નિદાન, હોમિયોપેથી નિદાન, ઉકાળા વિતરણ, યોગા પ્રદર્શન, પ્રકૃતિ પરીક્ષણ, જરા ચિકિત્સા, પંચકર્મ.અગ્નિકર્મ તથા સ્વસ્થ વૃતની સેવાઓ પુરી પડાઈ હતી.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસર, કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ચંદ્રિકાબેન અઘેરા તેમજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં ટ્રાફિક શાખા દ્વારા તમામ સરકારી કચેરીઓમાં હેલ્મેટ અંગે ટ્રાફિક ઝુંબેશ હાથ ધરાઈ






જામનગરમાં ટ્રાફિક શાખા દ્વારા તમામ સરકારી કચેરીઓમાં હેલ્મેટ અંગે ટ્રાફિક ઝુંબેશ હાથ ધરાઈ.ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈનને અનુસરીને શહેરી વિસ્તારમાં અને હાઈવે રોડ પર ટુ-વ્હીલર વાહનચાલકો હેલ્મેટ પહેર્યા વિના ન નીકળે, તે અંગે વિશેષ ઝુંબેશ ચલાવાઈ રહી છે, તેના ભાગરૂપે આજે જામનગર શહેરમાં મેગા ડ્રાઈવ યોજવામાં આવી હતી. જામનગર શહેરની તમામ સરકારી કચેરી કે જેના મુખ્ય પ્રવેશ દ્વારે ટ્રાફિક શાખાની અલગ અલગ ત્રણ ટુકડી ઉપરાંત શહેરના સીટી એ., બી. અને સી. સહિત ત્રણેય પોલીસ ડિવિઝનના સ્ટાફ સાથેની ટુકડીઓને વિભાજીત કરીને ફરજ પર મૂકી દેવામાં આવ્યા હતા, અને ટ્રાફિક ઝુંબેશ હાથ કરી હતી. જામનગર મહાનગરપાલિકાની કચેરીના દ્વારે, તેમજ લાલ બંગલા પરિસર સેવાસદન-૩ ના દ્વારે, જિલ્લા પંચાયત કચેરી, શરૂ સેક્શન રોડ પર આવેલી જિલ્લા કલેકટર કચેરી, અને જિલ્લા મહેસુલ ભવનની કચેરી ઉપરાંત ગુલાબ નગર રોડ પર સેવાસદન-૪, સહિતની તમામ સરકારી કચેરીઓના દ્વારે અલગ અલગ પોલીસ ટીમોને બનાવીને ટ્રાફિક ઝુંબેશ હાથ ધરાઈ હતી.આ કાર્યવાહીને લઈને ટુ વ્હીલર વાહનચાલકો અને તેમાંય ખાસ કરીને સરકારી કર્મચારીઓમાં ફફડાટ મચી ગયો હતો. જોકે છેલ્લા કેટલાક સમયથી પોલીસ દ્વારા ચલાવવામાં આવતી ઝુંબેશને લઈને અનેક સરકારી કર્મચારીઓ હેલ્મેટ પહેરીને કચેરીમાં પ્રવેશતા જોવા મળ્યા હતા

# ગીર ગઢડાના અંબાડા ગામે ૬૫ લાખના ખર્ચે નવી પ્રાથમિક શાળાનુ લોકાર્પણ



મુખ્ય સમાચાર ઊના અબ્દુલ પઠાણ

ગીર ગઢડા તાલુકાના અંબાડાગામે રૂપિયા ૬૯ લાખ ના ખર્ચે તૈયાર થયેલ ૦૨ વિકાસ ના કામો નું લોકાર્પણ કરવામાં આવ્યું.જેમાં રૂપિયા ૬૫ લાખ ના ખર્ચે નવી પ્રાથમિક શાળા* અને રૂપિયા ૦૪ લાખ ના ખર્ચે નવા સ્નાન ઘાટ નો સમાવેશ થાય છે.આ કાર્યક્રમ મા જિ. પ. કારોબારી સમિતિ ચેરમેન શ્રી ડાયાબાપા, તાલુકા પંચાયત પ્રમુખ પ્ર. અને જિલ્લા ભાજપ અનુ. જાતિ મોરચા ના જિલ્લા પ્રમુખ શ્રી પ્રવીણભાઈ સાંખટ, તાલુકા ભાજપ મહામંત્રી કે. સી રાજપૂત, તાલુકા પંચાયત ના સદસ્ય શ્રી ઓ, સરપંચ શ્રી ઓ અને ગામ લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# બૌદ્ધ સમાજ દ્વારા ધરણાંનો કાર્યક્રમ યોજાયો





**મુખ્ય સમાચાર,જામનગર**

બૌદ્ધ સમાજ, જામનગર દ્વારા બુદ્ધગયા મહાબોધી, મહાવિહાર મુક્તિ આંદોલન માટે રેલી સ્વરૂપે જઈને કલેકટરને આવેદન પત્ર આપ્યું હતું અને બાદમાં ધરણાં યોજાયા હતાં.

બૌદ્ધ સમાજ, જામનગર દ્વારા બિહાર રાજ્યના બુદ્ધગયા મુકામે મહાબોથી, મહાવિહાર મુક્તિ આંદોલન ચલાવી રહેલ ઓલ ઈન્ડિયા બુદ્ધિષ્ટ ફોરમ ના સમર્થનમાં બૌદ્ધ સમાજના પ્રમુખ મિલિન્દકુમાર મકવાણાની આગેવાની હેઠળ સૌરાષ્ટ્રના બૌદ્ધ ભિક્ષુઓ પથિક શ્રેષ્ઠી તથા ભંતે વિપ્સી ની ઉપસ્થિતિમાં ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા, લાલ બંગલા પાસેથી એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવેલ હતું.

આ રેલી મુક્ત કરો, મુક્ત કરો મહાબોધિ-મહાવિહાર મુકત કરો,B.T. Act - 1949 રદ્દ કરો, નિતીશકુમાર હાય - હાય, બૌદ્ધ ભિક્ષુઓ પર દમન બંધ કરો, કેન્દ્ર સરકાર હાય - હાયના નારા સાથે કલેકટર કચેરીએ પહોંચી હતી જ્યાં બૌદ્ધ ભિક્ષુઓના હસ્તે કલેકટરને આવેદન પત્ર આપવામાં આવેલ હતું.

આ રેલીને સફળ બનાવવા મેઘજીભાઈ સીંગરખીયા, ગૌતમભાઈ પેઢર, મનજીભાઈ મકવાણા, નાથાભાઈ રાઠોડ, ડી.ડી. વાઘેલા, રામભાઉ મણવર, એલ.ડી. મકવાણા, જ્યોતિબેન વાનખેડે, વિજ્યાબેન બૌદ્ધ, આરતીબેન ભગત, શારદાબેન ભગત, સરસ્વતિબેન ગૌસ્વામી, પાયલબેન બૌદ્ધ, સોનલબેન પરમારે -તમારે જહેમત ઉઠાવેલ હતી. ગઈકાલે રેલી અને આવેદન બાદ આજે ધરણાંનો કાર્યક્રમ યોજાયો હતો.

# આજે શ્યામલાલજી હવેલીએ ફૂલ ફાગ રસિયાનુ આયોજન



સૌરાષ્ટ્રની અતિ પ્રાચીન શ્યામલાલજી હવેલીમાં આજે સાંજે દ્વારકેશ મંડળી ના ફુલ-ફાગ રસિયા નું આયોજન કરવામાં આવ્યું છે દર્શન નો સમય સાંજે ૦૭:૦૦ થી ૦૮:૧૫ વાગ્યા સુધી ઠાકોરજી સન્મુખ રસિયા કીર્તન થશે. તેમજ સાંજે રાળ ની ઝાંખી ૭:૨૦ વાગ્યે થશે તથા દર્શન નો ટેરો આવ્યા બાદ કણિકા પ્રસાદ (અલ્પાહાર) નું પણ આયોજન કરવામાં આવેલ છે તો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને દર્શન નો લાભ લેવા પધારવા મુખ્યાજી જયેશભાઈ હરિભાઈ ભાવભર્યુ આમંત્રણ આપ્યું છે. જેનું સ્થળ શ્યામલાલજીની હવેલી (જુની સદર ની હવેલી) પંચનાથ મંદિર મેઈન રોડ જય સીયારામ પેંડા વાળા ની સામે રાજકોટ છે વધુ વિગત માટે ફોન નંબરઃ-૮૫૧૧૭૬૩૭૬૩ સંપર્ક કરવો

# મેરા યુવા ભારત જામનગર દ્વારા પાંચ દિવસીય આંતર જિલ્લા યુવા આદાન-પ્રદાન કાર્યક્રમનું આયોજન કરાયું





## અમદાવાદ જિલ્લાના ૨૭ યુવા સ્વયંસેવકો કાર્યક્રમમાં સહભાગી થઈ જામનગરના ઉધોગો, જીવ સૃષ્ટિ તેમજ કલા-સંસ્કૃતિથી માહિતગાર થયા

**મુખ્ય સમાચાર,જામનગર**

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય હેઠળ કાર્યરત મેરા યુવા ભારત નેહરૂ યુવા કેન્દ્ર દ્વારા અમદાવાદ અને જામનગર જિલ્લા વચ્ચે આંતર જિલ્લા યુવા આદાન-પ્રદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદથી ૨૭ યુવા સ્વયંસેવકો પાંચ દિવસીય કાર્યક્રમમાં ભાગ લેવા જામનગર પહોચ્યાં હતા.

કાર્યક્રમ અંતર્ગત જામનગર ગઈઈ ના ગ્રુપ કમાન્ડર બ્રિગેડિયર પી.શશી, ગઉઈના સંસ્થાપક અને પ્રેરણાદાયક વક્તા જયેશ વાઘેલા, હરીશભાઈ ખીમસૂરિયા અને મહિપતસિંહ જાડેજાએ યુવાનોને ભારતિય સેનામાં જોડાવા અંગે પ્રેરણા આપી વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવા યુવાનોના યોગદાન વિશે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.આ સાથે યુવાઓએ રણમલ તળાવ અને સંગ્રહાલય, આરાધના ધામ, નરારા મરીન નેશલ પાર્ક, સ્વામીનારાયણ મંદિર, ખીજડીયા પક્ષી અભ્યારણ, દરેડ બ્રાસ ઉદ્યોગ વગેરેની મુલાકાત લઈ જામનગર જિલ્લા અંગેની ઝીણવટભરી માહિતી મેળવી હતી.

કાર્યક્રમ અંતર્ગત યોગગુરૂ દિક્ષિત તેરૈયાએ યુવાઓને યોગાભ્યાસ કરાવવાની સાથે લાઈફ સ્ટાઈલ વિશે તેમજ એજયુકેશન સાયન્સ સેન્ટર ધ્રોલના સંજય પંડયાએ વિજ્ઞાનિક પ્રયોગો થકી શ્રદ્ધા અને અંધશ્રદ્ધાના અંતર વિશે સમજ આપી હતી.કાર્યક્રમના સમાપન સમારોહમાં મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહેલ મેયર વિનોદભાઈ ખીમસુરીયાએ યુવાઓને પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન માય ભારત જામનગરના જિલા યુવા અધિકારી શિખર રસ્તોગીના માર્ગદર્શન હેઠળ માય ભારત જામનગરના સ્વયંસેવક તેમજ યુથ મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

# માળીયા(મી)પોલીસ પર હુમલાના આરોપીના ભાઈનું ગેરકાયદે મકાન તોડી પડાયુંઃ એસપીનું ચેતવણીભર્યું નિવેદન

## ખીરઈ ગામમાં દારૂના દરોડા દરમિયાન થયેલા હુમલા બાદ તંત્રની કડક કાર્યવાહી

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી)ના ખીરઈ ગામે દારૂના ધંધાર્થી ઈકબાલ મોવરના ઘરે દરોડા દરમિયાન પોલીસ પર જીવલેણ હુમલો થયો હતો. ત્યારબાદ વહીવટી તંત્ર દ્વારા સર્વે કરવામાં આવતા, આરોપીના ભાઈનું મકાન સરકારી જમીન પર ગેરકાયદેસર ખડકાયેલું હોવાનું ખુલ્યું હતું, જેથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મામલતદારની ટીમે આ મકાન તોડી પાડ્યું હતું. આ કામગીરી દરમિયાન એસપી રાહુલ ત્રિપાઠી સ્થળ પર પહોંચ્યા અને નિવેદન આપ્યું કે જીલ્લામાં ગુનેગારોની ગેરકાયદે મિલકતો તોડી પાડવાની કાર્યવાહી ચાલુ રહેશે.

મોરબી જીલ્લાના માળીયા(મી) તાલુકાના ખીરઈ ગામે દારૂના ગેરકાયદે ધંધાને લઈ પોલીસ દ્વારા બુટલેગર ઈકબાલ ઉર્ફે ઈકો ઓસમાણ મોવરના ઘરે દરોડો કરવામાં આવ્યો હતો, દરોડા દરમિયાન બુટલેગર આરોપી તથા તેના પિતા, ભાણેજ અને ૭ જેટલી મહિલાઓએ માળીયા(મી) પોલીસ ટીમ ઉપર હુમલો કર્યો હતો. હુમલાને પગલે પોલીસે ૩૦૭ અને રાયોટિંગ સહિત ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આ બનાવ બાદ વહીવટી તંત્રએ સમગ્ર વિસ્તારમાં સર્વે હાથ ધરી તપાસ શરૂ કરી હતી. ત્યારે તપાસમાં ખુલ્યું કે આરોપીના ભાઈનું મકાન સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે બાંધવામાં આવ્યું હતું. અને તે આરોપી પણ અગાઉ ટોલનાકા પાસે જીવલેણ હુમલાના ગુનામાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું હતું. જેથી તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરી, ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મામલતદારની ટીમે ગેરકાયદે મકાન તોડી પાડ્યું હતું. ઉપરોકત કામગીરી દરમિયાન એસપી રાહુલ ત્રિપાઠી પણ સ્થળ પર પહોંચી, રૂબરૂ નિરીક્ષણ કર્યુ હતું અને નિવેદન આપ્યું કે, મોરબી જીલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ ચલાવનારા માટે કોઈ છૂટ આપવામાં આવશે નહીં. ગુનેગારોની ગેરકાયદે મિલકતો શોધી કાઢી, તોડી પાડવા માટે સખત કાર્યવાહી થશે. આ સાથે પ્રજાજોગ સંદેશ આપતા જણાવ્યું કે જો કોઈને આવા ગેરકાયદે બાંધકામ કે ગુનાહિત પ્રવૃત્તિઓ વિશે જાણ થાય, તો તેઓ નજીકના પોલીસ મથકનો સંપર્ક કરે. પોલીસ દ્વારા તુરંત અને કડક કાર્યવાહી કરવામાં આવશે.

# આજે હોલિકાદહનનું પર્વ : કાલે જામશે રંગોનો તહેવાર





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત આજે સૌરાષ્ટ્રભરમાં રાત્રે હોલિકા દહન સાથે હોલી પર્વની ધર્મમય અને પરંપરાગત ઉજવણી થશે. ગીરનાર પર અંબાજી માતાજીના મંદિરે, ચોટીલા ચામુંડા માતાજીના ધામ અને દ્વારકામાં ગોમતી નદીના કાંઠે રાત્રે ૭.૩૦ કલાકે સૌ પ્રથમ હોલી દહન બાદ સૌરાષ્ટ્રભરમાં પ્રાગટય કરવામાં આવશે જે માટે સર્વત્ર તૈયારી થઈ ગઈ છે તો આવતીકાલે સૌરાષ્ટ્રભરમાં આબાલ વૃધ્ધો રંગભર્યા ધુળેટી પર્વની ઉજવણી કરવા થનગની રહ્યા છે.

શુક્રવારે હવેલી, મંદિરો સહિતના ધાર્મિક સ્થળોએ ફુલડોલ, પૂજા, અબીલ ગુલાલની છોળો ઉડવા સાથે રંગોની પર્વોની ઉજવણી થવાની છે. દ્વારકામાં પણ મંદિરે ભવ્ય ઉત્સવની તૈયારી થઈ ગઈ છે. રાજકોટમાં ૪૦૦થી વધુ સ્થળે પરંપરાગત હોળી પ્રગટાવવામાં આવશે તો ગોંડલમાં ૭૩ વર્ષ જુની દેવપરા ગ્રુપની હોળીમાં ૨૫,૦૦૦ છાણાનો ઉપયોગ કરવામાં આવશે.

## રાજકોટનો એરપોર્ટ ફાટક મેન્ટેનન્સ કાર્ય માટે ૭ દિવસ માટે આંશિક રીતે બંધ રહેશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ડિવિઝનના રાજકોટ-ભક્તિનગર સેક્શનમાં આવેલો રેલ્વે ક્રોસિંગ નં. ૪ (એરપોર્ટ ફાટક) ૧૮ માર્ચ થી ૨૪ માર્ચ, ૨૦૨૫ સુધી ૭ દિવસ માટે મેન્ટેનન્સ કાર્ય માટે આંશિક રીતે બંધ રહેશે. વિગતો નીચે મુજબ છે:

૧) ૧૮ માર્ચથી ૨૧ માર્ચ સુધી, આ ફાટક પર વન-વે ટ્રાફિક રહેશે, એટલે કે, એક બાજુ સંપૂર્ણપણે બંધ રહેશે અને બીજી બાજુ રોડ ટ્રાફિક માટે ખુલ્લો રહેશે.

૨) ૨૨ માર્ચના રોજ રાત્રે ૯.૦૦ વાગ્યાથી ૨૩ માર્ચના રોજ સવારે ૪.૦૦ વાગ્યા સુધી આ ફાટક બંને બાજુના રોડ ટ્રાફિક માટે સંપૂર્ણપણે બંધ રહેશે.

૩) ૨૩ માર્ચના રોજ રાત્રે ૯.૦૦ વાગ્યાથી ૨૪ માર્ચના રોજ



સવારે ૪.૦૦ વાગ્યા આ ફાટક સુધી બંને બાજુના રોડ ટ્રાફિક માટે સંપૂર્ણપણે બંધ રહેશે.

૪) ૨૪ માર્ચ ના રોજ આ ફાટક પર વન-વે ટ્રાફિક રહેશે, એટલે કે એક બાજુ સંપૂર્ણપણે બંધ રહેશે અને બીજી બાજુ રોડ ટ્રાફિક માટે ખુલ્લો રહેશે.

આ સમયગાળા દરમિયાન રોડ યુઝર્સ આમ્રપાલી અંડરપાસ અને રાજકોટ-ભક્તિનગર સેક્શન માં આવેલ રેલ્વે ક્રોસિંગ નંબર ૩ (ભોમેશ્વર ફાટક) નો ઉપયોગ કરી શકે છે.

## કોંગ્રેસમાં પાયાના પથ્થરોની બેઠક કોંગ્રેસ સમિતિ દ્વારા યોજાઈ

### સંગઠન મજબૂત કરવા, નવા યુવાનોને જોડવા કોંગ્રેસના સિનિયર સિટીઝનોની માંગઃ ભાજપનો ભ્રષ્ટાચાર હવે સીમા વટાવી રહ્યો છે ત્યારે આક્રમક શૈલીમાં કાર્યક્રમો આપવા સંમતિ સધાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કોંગ્રેસના પાયાના પથ્થરો અને વર્ષો સુધી કોંગ્રેસ સાથે જોડાયેલા રહેલા સિનિયર સિટીજનો ની એક બેઠક રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના જાગનાથ પ્લોટ ખાતે યોજવામાં આવેલ હતી. જે બેઠકમાં શહેર કોંગ્રેસનો હેતુ એ હતો કે કોર્પોરેશનમાં કોંગ્રેસ બેસે અને સિનિયર સિટીઝન અને પીઢ ઘડાયેલા સિનિયર સિટીઝનો રાજકોટ શહેરીજનોને કઈ રીતે ઉપયોગી થઈ શકે એવો એક વિચાર આવતા આપ સર્વેને બોલાવી માર્ગદર્શન લેવાનું છે કોંગ્રેસની ચિંતા કોંગ્રેસી સિનિયર સિટીઝનો ઘરે બેઠા કરતા હોય તેવા શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે બુઝુર્ગો એક મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભાજપથી એક મોટો વર્ગ નારાજ છે. ત્યારે તે નારાજ વર્ગનો લાભ આપણે લઈ શકતા નથી. રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના કાર્યાલય ખાતે કોંગ્રેસના વરિષ્ઠ જૂના વડીલોની અને કોંગ્રેસના વિચારને પારખે છે તેવા કોંગ્રેસને વરેલા રહ્યા હોય તેવા બુઝુર્ગોની એક બેઠકમાં ખુબ સરસ સજેશનનો આવ્યા છે. ભાજપનો ભ્રષ્ટાચાર હવે સીમા વટાવી રહ્યો છે સામાન્ય માણસને એ મુશ્કેલીમાં મૂકી રહ્યો છે કોંગ્રેસના વિચાર તો મજબૂત છે અને કોંગ્રેસનો કાર્યકર પણ વધારે મજબૂતાઈથી બહાર આવે તેવા તેમના સૂચનો શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યા હતા તેમજ દર મહિને મળતું રહેવું નિઃસ્વાર્થ પણે જુદી જુદી જવાબદારીઓ પણ નિભાવવાની ઘણા વડીલો એ વાત કરી છે નવા મજબૂત લોકોને જોડવાની વાત પણ કરી છે સંગઠનને કેમ મજબૂત કરવું તેમાં ઊંડી ચર્ચા કરી હતી. જુદા જુદા પાસાઓ પર ચર્ચા કરી છે. કોંગ્રેસનો કાર્યકર શેરીએ શેરીએ છે તેમને જગાડીને એક નિષ્ઠાવાન તેમને કોર્પોરેશનમાં




(તસ્વીરઃ આનંદ જાવિયા)

શાસનમાં બેસાડવી અને રાજકોટને કદી ન જોયું હોય તેવું એક શાસન આપવાનો વિચાર વ્યક્ત કર્યો હતો. જુના કાર્યકરો એ નવા યુવાનો ઊભા કરવા અને ભાજપનો ડર લોકોમાંથી કાઢવો યુવાનોને વડીલો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે દરેક ઉપસ્થિત સિનિયર સિટીઝનો એ પદ કે હોદા વગર કામ કરવાની સંમતિ આપી હતી. બેઠકમાં વર્ષો સુધી કોંગ્રેસની સાથે જોડાયેલા સિનિયર સિટીઝનો માં સુધીરભાઈ જોશી, નાથાભાઈ કિયાડા, તખુભા રાઠોડ, જીતુભાઈ ભટ્ટ, એડવોકેટ રવિભાઈ ગોગીયા, એડવોકેટ હિંમતભાઈ લાબડીયા, જયંતીભાઈ કાલરીયા, એડવોકેટ જયંતભાઈ ગાંગાણી, એડવોકેટ બાબુભાઈ માવાણી, પરસોતમભાઈ પીપળીયા, ભલાભાઈ ચૌહાણ, મોહનભાઈ સોજીત્રા, લાધાભાઈ બોરસરીયા, રામભાઈ આહીર, હરભમભાઈ મોઢવાડિયા, રહીમભાઈ સાડેકી, ગોવિંદભાઈ સભાયા, ભૂપતસિંહ ઝાલા, એડવોકેટ વલ્લભભાઈ સગપરીયા, રંજનબેન ખખ્ખર, કંચનબેન વાળા, ડો. નિશાંતભાઈ ચોટાઈ, મનુભાઈ કોટક, પરેશભાઈ પંડ્યા, બાબુભાઈ ડાભી સહિતના બુજુર્ગો ઉપસ્થિત રહી તેમના વ્યાજબી સૂચનો અંગે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી, ઈન્દ્રનીલભાઈ રાજગુરુ દ્વારા માર્ગદર્શન અને સૂચનોની નોંધ કરી અમલીકરણ કરવા બાહેધરી આપી હતી.

## સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગના મેળામાં સ્ટોલ ધારકોને ૨૦ કરોડના ઓર્ડર મળ્યાં

### મેળાના આયોજનથી સ્ટોલ ધારકો, ઉદ્યોગપતિઓએ વ્યકત કર્યો સંતોષ : સૌરાષ્ટ્રના વેપાર ઉદ્યોગના વિકાસ માટે પ્રયાસોને બિરદાવ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજી જીઆઈડીસી નજીક એનએસઆઈસી ગ્રાઉન્ડમાં યોજાયેલા સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મેળાને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળના પરાગ તેજુરાના જણાવ્યા મુજબ એક્ઝીબિશનમાં જોડાયેલા ઉદ્યોગકારોને અત્યાર સુધીમાં ૨૦ કરોડ રૂપિયાના ઓર્ડર બુક થયા છે. એટલું જ નહીં શ્રીલંકાના નિકાસકારો સાથે પણ ખૂબ જ સારા કરાર થયા છે. વેપાર ઉદ્યોગના વિકાસની આ કામગીરીને સ્ટોલ ધારકોએ અને ઉદ્યોગકારોએ બિરદાવી હતી.

એનએસઆઈસીના ગ્રાઉન્ડમાં ૧૧મો આંતરરાષ્ટ્રીય વેપાર મેળાને ખુલ્લો મુકવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય વેપાર મેળો ખુલ્લો મુકવામાં આવ્યો છે.




સ્ટોલ ધારકો માટે આંતરરાષ્ટ્રીય વેપાર મેળો ફાયદાકારક સાબિત થયો છે. સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા આયોજિત આ મેળો વિશ્વભરમાં વેપાર કરવા માટેનો છે.એક્સપોર્ટર માટે આ મેળો સોનેરી તક સમાન છે. રાજકોટના નાના-મોટા ધંધાર્થીઓને વિદેશ સાથે સીધો જ સંપર્ક કરાવે છે.આંતરરાષ્ટ્રીય વેપાર મેળામાં ફોરેન ડેલિગેટ તમામ હાજરી આપી છે.સ્ટોલની વિઝીટ ફોરન ડેલિગેટ દ્વારા લેવામાં આવી છે. હાલ રાજકોટમાં ઈન્ડસ્ટ્રી વિઝીટ ફોરેનિકેટ કરી રહ્યા છે સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળના પરાગભાઈ તેજુરાએ અગ્ર ગુજરાતને વધુમાં જણાવ્યું કે સ્ટોલ ધારકોને રૂપિયા ૨૦ કરોડના ઓર્ડર ફાઈનલ થયા છે જેમાં પ્રેમ એન્જિનિયરિંગ,એર કુલર,સનરાઈઝ ટ્રાન્સમિશન, ફેરો કોર્પોરેશન, કૈલાસ સુગરકેન સહિતના અનેકો સ્ટોલ ધારકોને ઓર્ડર મળી ચૂક્યા છે.એક્સપોર્ટ માટેની સોનેરી તક સ્ટોલ ધારકોને મળી છે.૧૧ મો આંતરરાષ્ટ્રીય વેપાર મેળો ખુલ્લો મુક્યો ત્યાર થી આજદિન સુધીમાં ૨ હજારથી વધુ વિઝીટરોએ મેળાની વિઝીટ કરી છે.આ મેળાનો મુખ્ય ઉદ્દેશ વિદેશના લોકો રાજકોટની ફેક્ટરીની મુલાકાત લેવા આવે અહીંની પ્રક્રિયાથી વાકેફ થાય જેથી એક વિશ્વસનીયતા બેસે છે.રાજકોટની પ્રોડક્ટની માંગ વિદેશોમાં વધી છે.ફોરન ડેલીગેટ ચાઈનાની પ્રોડક્ટ કરતા ઈન્ડિયાની પ્રોડક્ટ પર વધુ વિશ્વાસ મૂકી રહ્યા છે ત્યારે રાજકોટ માટે આ આંતરરાષ્ટ્રીય વેપાર મેળો એક ઉત્તમ તક છે.

### શ્રીલંકા બિલ્ડર એસોસિએશન અને સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ વચ્ચે MOU થયા

**શ્રીલંકાના બિલ્ડર એસોસિએશન અને સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ વચ્ચે MOU સાઈન થયા છે. જેમાં શ્રીલંકાના બિલ્ડર એસોસિએશનને સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ રો મટીરીયલથી માંડીને કન્સ્ટ્રક્શન મશીન સુધીની તમામ વસ્તુઓ એક્સપોર્ટ કરશે.આર્થિક ટર્નઓવર વધશે સાથોસાથ રાજકોટ સહિત સૌરાષ્ટ્રને એમઓયુથી ખૂબ સારો ફાયદો થશે.**

## રાજકોટ સિવાય સર્વત્ર આકરી ગરમીમાં આંશિક રાહતનો અનુભવ

### ■ રાજકોટમાં-૪૨.૧ ડિગ્રીઃ અન્યત્ર ૧ થી ૩ ડિગ્રી તાપમાન ઘટયું



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટને બાદ કરતા રાજયનાં મોટાભાગનાં સ્થળોએ ગરમીમાં આંશિક રાહત થઈ છે. અનેક સ્થળોએ પારો ૧ થી ૩ ડિગ્રી ઘટયો હતો.જો કે રાજકોટમાં કાળઝાળ ગરમી યથાવત રહી હતી.ગઈકાલે રાજકોટનું મહત્તમ તાપમાન ૪૨.૧ ડિગ્રી નોંધાયું હતું.

જયારે, અમદાવાદમાં ૪૦.૭, અમરેલીમાં ૪૧ વડોદરામાં-૪૦, ભાવનગરમાં ૩૭.૮, ભુજમાં ૪૦.૨, દમણમાં ૩૬, ડાંગમાં ૪૦.૯, તથા ડિસામાં ૪૦.૨ ડિગ્રી દિવમાં ૩૨.૯, દ્વારકામાં ૩૨.૮, ગાંધીનગરમાં ૪૦.૬, કંડલામાં ૩૯, નલિયામાં પણ ૩૯, ઓખામાં ૩૨, તથા પોરબંદરમાં ૪૦.૮, સુરતમાં ૩૮.૫ અને વેરાવળ ખાતે ૩૨ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયુ હતું.

જામનગરમાં માર્ચના બીજા સપ્તાહના આરંભ સાથે ધીરે ધીરે ગરમીના પગરવ શરૂ થયા હતા. જેમાં ખાસ કરીને છેલ્લા ચાર દિવસથી મહતમ તાપમાનમાં અવિરત વધારો જોવા મળી રહયો છે. ૩૮.૫ ડિગ્રી પર સ્થિર થયેલો હતો.

જ્યારે લઘુત્તમ તાપમાનમાં એક ડિગ્રીના ઘટાડા સાથે ૨૦ ડિગ્રી પહોંચ્યો હતું.તો વાતાવરણમાં ભેજનું પ્રમાણમાં ૨૦ ટકા વધીને ૬૨ ટકા નોંધાયું હતું.અને પવનની ગતિમાં ૩ કિમીના વધારા સાથે પ્રતિકલાક ૮.૪ કિમિ રહી હતી. બપોરના સમયે આકાશમાંથી અગનવર્ષા થતી હોય જેથી જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. તાપ સાથે ઉકળાટ -બફારાથી લોકો આકુળ વ્યાકુળ થયા હતા. આગામી દિવસોમાં ગરમીનુ જોર હજુ વધવાની સંભાવના પણ હવામાન વિભાગે દર્શાવી છે.

## રાજકોટ અય્યપ્પા મંદિર ખાતે અટુકલ પોંગલ ની ઉજવણી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અટુકલ પોંગાલા એ કેરળમાં ખૂબ જ શ્રદ્ધાભક્તિપૂર્વક ઉજવાતા મહાન તહેવારોમાંનો એક છે, ખાસ કરીને તિરુઅપ(તપુરમ સ્થિત અટુકલ ભગવતી મંદિર ખાતે. આ ઉત્સવ દેવી ભગવતીને સમર્પિત છે, જે દૈવી માતાનું સ્વરૂપ છે. આ પાવન તહેવાર દરમિયાન હજારો મહિલાઓ ભક્તિભાવપૂર્વક એકઠી થાય છે અને ભગવાન માટે વિશેષ નૈવેદ્ય તરીકે નસ્રપોંગાલાસ્રસ્ર બનાવે છે. નસ્રપોંગાલાસ્રસ્ર નો અર્થ છે નસ્રઉકાળવુંસ્રસ્ર, અને આ વિશિષ્ટ પ્રસાદ ચોખા, ગોળ, નાળિયેર અને ઘીનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે, જે ભક્તિ અને સમૃદ્ધિનું પ્રતિક છે. મહિલાઓ માટીના વાસણમાં પોંગાલા તૈયાર કરી ખુલી જગ્યા પર રાંધી દેવી પ્રત્યેની શ્રદ્ધા અને આભાર વ્યક્ત કરે છે.

આ પાવન પરંપરા માત્ર કેરળ પૂરતી મર્યાદિત નથી; વર્ષોથી તે ભારતના અનેક વિસ્તારોમાં પ્રસરી છે, જ્યાં ભક્તો આ પરંપરાને સમર્પિત ભાવથી અનુસરે છે. ગુજરાતના રાજકોટ શહેરમાં પણ રાજકોટ અય્યપ્પા મંદિર ખાતે આ તહેવાર ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. આ વર્ષે ૬૦ મહિલાઓ આ પવિત્ર વિધિમાં ભાગ લેશે અને માતાજીને પોંગાલા સમર્પિત કરશે. આ મંદિર છેલ્લા ઘણા વર્ષોથી આ પરંપરાને ઉજવે છે, અને આ ધરોહર તહેવાર સ્થાનિક ભક્તસમુદાય માટે અત્યંત મહત્વપૂર્ણ બની ગયો છે.

રાજકોટ ખાતેના આ સમારોહ દરમિયાન એ જ પરંપરાગત રીતો અનુસરવામાં આવશે જે અટુકલ ભગવતી મંદિરમાં અનુસરાય છે. ભક્તમંડળ મંદિર પરિસરમાં એકત્ર થશે અને તેઓ પોતપોતાનાં માટીના વાસણ, ચોખા અને અન્ય સામગ્રી સાથે પોંગાલા તૈયાર કરશે. મંદિરના મુખ્ય પૂજારી મંદિરના ગર્ભગૃહમાંથી પવિત્ર અગ્નિ પ્રગટ કરશે, જે પછી ભક્તોને





વિતરિત કરવામાં આવશે જેથી તેઓ તેમના પોંગાલા રસોઈ શરૂ કરી શકે. સમગ્ર વાતાવરણ ભક્તિમય મંત્રોચ્ચાર, સ્તુતિ અને પવિત્ર પ્રસાદની સુગંધથી ભળી જશે, જ્યારે મહિલાઓ ભક્તિભાવે નૈવેદ્ય તૈયાર કરશે.

આ વિધિ માત્ર ધાર્મિક સમારંભ તરીકે જ નહીં, પણ સાંસ્કૃતિક એકતા માટે પણ મહત્વપૂર્ણ છે. મહિલાઓ ભેગી થઈ ભક્તિભાવથી પોંગાલા બનાવે છે, જે હિંદુ ઉપાસનાની પ્રાચીન પરંપરાને જીવંત રાખે છે. રાજકોટ અય્યપ્પા મંદિર અને તેના ભક્તો આ પરંપરાને જીવંત રાખી શ્રદ્ધાળુઓને દેવી ભગવતીની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કરવાની તક પૂરું પાડી રહ્યા છે.

રાજકોટમાં યોજાતા આટુકલ પોંગાલા ઉત્સવ એ શ્રદ્ધા અને ભક્તિની મહત્તા પ્રતીકરૂપ છે, જે ભૂગોળીય સીમાઓને પાર કરી, ભક્તોને એક ભક્તિમય અને આધ્યાત્મિક અનુભૂતિ માટે એકત્ર કરે છે.

## ખંભાળાની SOS હોસ્ટેલમાં થયેલ રેગિંગની ઘટનામાં કડક પગલા ભરવા CYSS ની માંગ

### ખંભાળા રેગિંગ ઘટનાને પગલે DEO ને બંગડી આપી CYSSએ નોંધાવ્યો વિરોધ

(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તાજેતરમાં રાજ્યની અંદર દિવસેને દિવસે રેગિંગની ઘટનાઓ વધતી જાય છે, જેમાં હાલની જ અતિ શરમજનક અને નિંદનીય ઘટના પંધુકાની પચ્છિમ ગામની હોસ્ટેલમાં સગીર વિદ્યાર્થી સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય સાથી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું. અને રાજકોટના ખંભાળા ગામ ખાતે જ્યજ હોસ્ટેલમાં એક વિદ્યાર્થીને તેના ૬-૭સાથી વિદ્યાર્થીઓ દ્વારા ગંભીર રીતે માર મારી તેની જ્ઞાતી પ્રત્યે અળપૂત કરવામાં આવ્યો. આ ઉપરાંત રાજકોટ જિલ્લાની જ બાબતમાં જોઈએ તો. એક માસ અગાઉ પણ રાજકોટની શાળાઓમાં વિદ્યાર્થીના રેગિંગ તેમજ શિક્ષક દ્વારા મારમારવાની ૪-૫ ઘટનાઓ સામે આવી હતી. જેમાં પણ માત્ર તપાસના નામે ઘટનાને રફેદફે કરવામાં આવી હોય, તેવું લાગી રહ્યું છે. આમ, શાળાઓમાં રેગિંગએ ખૂબ ચિંતાનો અને ગંભીર વિષય હોય, ત્યારે CYSS પ્રદેશ ઉપપ્રમુખ સુરજ ભગડા, રાજકોટ રાજકોટ પ્રમુખ પ્રણવ ગઢવી અને ટીમ દ્વારા માંગ કરવામાં આવી કે, જિલ્લા શિક્ષણના વડા તરીકે ખંભાળાની DEOહોસ્ટેલ રેગિંગની ઘટના બાબતે યોગ્ય દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે. અને શિક્ષણ વિભાગ દ્વારા આવી વધતી ઘટનાઓ રોકવા માટે શાળા અને હોસ્ટેલની પણ જવાબદારી ફિક્સ કરવામાં આવે, જેથી આવી ઘટનાઓ રોકી શકાય. વિધ્યાર્થીને પટ્ટા મારી રેચિંગ કરાતા, CYSS કાર્યકર્તા દ્વારા પોતાની જાતને પટ્ટા મારી DEO ઓફિસ ખાતે ઉગ્ર વિરોધ કરી DEO ને બંગડી આપતા, પોલીસ દ્વારા CYSSપ્રદેશ ઉપપ્રમુખ સુરજ બગડા, રાજકોટ પ્રમુખ પ્રણવ ગઢવી, કલાપી વારા, શુભમ જોશી, શિતલ ગોહેલ, આર્યન સાવલીયા, પ્રકાશ ચાવડા, વિનુ પિપળીયા, કૈલાસ જાગાણી, સ્મિત સુરેલીયા સહિત ૧૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરવામાં આવી.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# કાતર વડે આડેધડ ઘા મારી હત્યા નિપજાવવાની કોશીશના ગુન્હામાં આરોપીનો રાજકોટ સેશન્સ કોર્ટ દ્વારા નિર્દોષ છુટકારો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોલીસ કેસની વિગત એવી કે, ગત તારીખ ૨૪/૦૬/૨૦૨૦ના રોજ ફરિયાદી મહાવીરસિંહ ભાવેશભાઈ ચૌહાણે ગાંધીગ્રામ-૨(યુનિ) પોલીસ સ્ટેશનમાં આરોપી રવિ મેરામભાઈ મોરી ઉર્ફે રવિ રબારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવેલ કે, ફરિયાદી ૨૪/૦૬/૨૦૨૦ના રોજ સાંજે સાતેક વાગ્યાની આજુ-બાજુ પોતાના ઘર પાસેથી યુનિવર્સિટી રોડ ઉપર આવેલ નકલંક હોટલે ચા પીવા જતો હતો ત્યારે ત્યાં રોડ ઉપર માણસોનુ ટોળું જોવામાં આવતા ફરિયાદી મહાવીરસિંહે તુરંત ત્યાં જઈને જોયું તો તેનો મિત્ર ઈજા પામનાર રજત ઉર્ફે મુંગો ઘનશ્યામભાઈ ગોંડલીયા લોહી લોહાણ હાલતમાં ત્યાં પડેલો હતો આ વખતે ત્યાથી કોઈ વ્યક્તિએ ૧૦૮ને ફોન કરતા ૧૦૮ આવી જતાં રજતને સરકારી દવાખાને લઈ જવા નીકળેલ જયાં રસ્તામાં ફરિયાદી મહાવીરસિંહ ભાવેશભાઈ ચૌહાણને ઈજા પામનાર રજત ઉર્ફે મુંગાએ તેને જણાવેલ કે રવિ રબારીએ તેને કારણ વગર જાનથી મારી નાખવાના ઈરાદે ગંભીર હથિયાર કાતર વડે આડેધડ કાતરના ઘા મારી ઈજા પહોચડેલ છે જેમાં રજત ઉર્ફે મુંગાને વાંસાના ભાગે ત્રણ ઘા, પેટમાં આંતરડાની નીચે ઊંડા ઘા, તથા જમણા હાથે કોણીના ભાગે ઈજાઓ થયેલ હતી જેથી ફરિયાદી મહાવીરસિંહ ભાવેશભાઈ ચૌહાણે આરોપી રવિ મેરામભાઈ મોરી ઉર્ફે રવિ રબારી વિરુદ્ધ ઈ.પી.કો કલમ ૩૦૭ હત્યાની કોશીષ વિગેરે કલમો અન્વયે ગાંધીગ્રામ-૨(યુની) પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરેલ હતી જે ફરિયાદ અન્વયે ગાંધીગ્રામ-૨(યુની) પોલીસે આરોપી રવિ રબારીની ધરપકડ કરેલ હતી બાદમાં જે હથિયાર કાતર વડે આરોપી રવિ રબારીએ હુમલો કરેલ તે ગંભીર હથિયાર કાતર આરોપી રવિ રબારી પાસેથી કબ્જે કરેલ જે હથિયાર જોતાં હથિયાર પર લોહીના રતાશ પડતાં ડાઘા જોવા મળેલ બાદમાં આરોપી રવિ રબારીને જેલ હવાલે કરેલ હતો ત્યારબાદ સદરહું કેસ રાજકોટ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં ફરિયાદી, વિવિધ પંચનામાં ના



પંચો તથા તપાસ કરનારઅધિકારી તથા વિશેષ સાહેદો ની જુબાની, મેડિકલ ઓફિસરની જુબાની વિગેરે ની જુબાની નોંધ્યા બાદ તથા ફરિયાદપક્ષ અને આરોપીના વકીલની દલીલો સાંભળ્યા બાદ તથા આરોપી તરફે ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાને લઈ રાજકોટ એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા આરોપી રવિ મેરામભાઈ મોરી ઉર્ફે રવિ રબારીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવેલ છે.

આ કામમાં આરોપી રવિ મેરામભાઈ મોરી ઉર્ફે રવિ રબારી વતી રાજકોટના ધારાશાસ્ત્રી રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા રોકાયેલ હતા.

# બાબરામાં ખેડૂત વાડીએથી જમવા આવ્યાં અને બેભાન થઈ જતા મોત

## ■ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દમ તોડતાં પરીવારમાં આક્રંદઃ બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હાર્ટએટેકના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે અને વધું પ્રમાણમાં યુવાનો તેનો ભોગ બની રહ્યાં છે. ત્યારે બાબરામાં ખેડૂત વાડીએથી જમવા આવ્યાં અને અચાનક જ બેભાન થઈ ઢળી પડ્યાં હતાં. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ટૂંકી સારવારમાં દમ તોડતાં પરીવારમાં કલ્પાંત છવાયો હતો. હાર્ટ એટેકથી



મોત થયાનું સામે આવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ, બાબરામાં દાનેવ નગરમાં પોલીસ લાઈન પાછળ રહેતાં મયંકસિંહ કેશવભાઈ પરમાર (ઉ.વ.૪૪) ગઈકાલે સવારે પોતાની વાડીએ ગયાં હતાં. જ્યાંથી બપોરના સમયે તેઓ ઘરે જમવા માટે પહોંચ્યા હતાં. દરમિયાન અચાનક જ તેઓને છાતીમાં દુખાવો ઉપડતાં બેભાન થઈ ઢળી પડયા હતાં. પરિવારજનો દ્વારા તેમને સારવાર અર્થે પ્રથમ આટકોટ કે.ડી.પરવાડીયા હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાંથી તેમને વધુ સારવાર અર્થે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ટૂંકી સારવારમાં તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બાબરા પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડાયો હતો.

વધુમાં મૃતક, ખેતીકામ કરતાં અને ચાર ભાઈ-બહેનમાં નાના હતા અને સંતાનમાં બે પુત્રો છે. જેમને પિતાની છત્રછાયા ગુમાવતાં પરીવારમાં કલ્પાંત છવાયો હતો.

# રાજકોટમાં બીજદાન કેન્દ્રમાંથી રૂ.૧.૧૩ લાખના ૧૫ કન્ટેનરની ચોરી

## પેડક રોડ પર આવેલ ગોડાઉનમાં એસીની વિન્ડો તોડી પ્રવેશેલ તસ્કરો ચોરી કરી નાસી છૂટ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં બીજદાન કેન્દ્રમાંથી રૂ.૧.૧૩ લાખના ૧૫ કન્ટેનરની ચોરી કરી તસ્કરો નાસી છૂટતાં પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. પેડક રોડ પર આવેલ ગોડાઉનમાં એસીની વિન્ડો તોડી પ્રવેશેલ તસ્કરો ચોરી કરી નાસી છૂટ્યા હતાં. બનાવની જાણ થતાં એફએસએલની ટીમ પણ ઘટનાસ્થળેદોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે રાજકોટમાં સ્ટર્લીંગ હોસ્પિટલ પાસે રાજેશ્વરી પાર્કમાં રહેતાં ડો. ભસ્માંગભાઈ કનકરાય ત્રિવેદીએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પેડક રોડ પર આવેલ વિભાગિય કુત્રિમ બીજદાન કેન્દ્રમાં મદદનીશ પશુપાલન નિયામક તરીકે ફરજ બજાવે છે.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું કે, દોઢેક મહિના પહેલા તેઓનો ઓફીસ પાસે આવેલ ગોડાઉનમાં ૩.૯ લીટરના ૧૩૩ તથા ૩૪ લીટરના ૧૩૦ કન્ટેનર ગોડાઉનમા હાજર સ્ટોકમા હતા. જે બાદ ગોડાઉન બંધ કરી દિધેલ હતું. ગઈકાલે સવારે તેઓ નિયત સમયે ઓફીસ આવી કામ કરતાં હતાં તે દરમિયાન કચેરી કેમ્પસમાં આવેલ કુવા પાસે પાણી લિકેજ માટે માર્ગ અને મકાન વિભાગના માણસો કામ કરતા હતાં.

ત્યારે તેઓ અને ડો.જી.વી.પટેલ બન્ને જોવા માટે ગયેલ હતાં. ત્યાંથી પરત ફરતી વખતે બપોરના સમયે તેઓની નજર ગોડાઉનના તરફ ગયેલ તો ત્યાં ગોડાઉનના શટરના નીચેના ભાગે ઈંટોના ટુકડા પડેલ જોવામા આવેલ અને શટરના ઉપરના ભાગે બાકોરૂ જોવા મળેલ હતું.

જેથી શટર ખોલી અંદર ગયેલ અને તપાસતા અંદરના ભાગે કન્ટેનરની ઉપરની કોથળી જે પેકિંગમા હોય તે કોથળી નીચે પડેલ જોવા મળેલ હતી.



તેઓને શંકા જતા ગોડાઉનમાં રહેલ મુદામાલ તપાસતા ૩. ૯ લિટરના કુલ ૧૧ કન્ટેનર અને ૩૯ લિટરના કુલ ૦૩ કન્ટેનર, ૩૪ લિટરનું એકે કન્ટેનર મળી કુલ ૧૫ નંગ કન્ટેનર અલગ અલગ સાઈઝના કુલ રૂ.૧,૧૩,૩૮૧ નો મુદ્દામાલ મળી આવેલ ન હતો.

લેબોરેટરીમાં લગાવેલ વિન્ડો એરકન્ડીશનરના પાછળના ભાગમાથી અમુક ભાગ તુટેલ જોવામા આવેલ હતો. જેથી આશરે દોઢેક મહિનાની અંદર કોઈ અજાણ્યા શખ્સો ગોડાઉનમા ગેર કાયદેસર પ્રવેશ કરી અલગ અલગ સાઈઝના કુલ ૧૫ કન્ટેનર રૂ.૧,૧૩,૩૮૧ નો મુદામચોરી કરી નાસી છૂટ્યા હતાં.

બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીએસઆઈ વિ.એન.ક્લોત્રા અને સ્ટાફે તપાસ આદરી હતી. ઉપરાંત એલસીબી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ પણ તપાસમાં ઝંપલાવી તસ્કરોની શોધખોળ હાથ ધરી હતી.

# ગોંડલના મોટા દડવા ગામેથી મહિલાનું અપહરણઃ એસિડ છાંટી જાનથી મારી નાંખવાની ધમકી

## ઈકોમાં ઘસી આવેલ શખ્સોએ મહિલાને લઈ વડીયા પંથકમાં લઈ જઈ માર માર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોંડલના મોટા દડવા ગામેથી મહિલાનું અપહરણ કરી વડીયાના ખજૂરી ગામે લઈ જઈ એસિડ છાંટી જાનથી મારી નાંખવાની ધમકી આપી બેફામ મારમારતાં આટકોટ પોલીસ મથકમાં દંપતી સહિત ચાર શખ્સો સામે ગુનો નોંધાયો હતો.

પોલીસે આરોપી બાવચંદ ચૌહાણની ધરપકડ કરી અન્ય આરોપીની શોધખોળ હાથ ધરી હતી. બનાવ અંગે ગોંડલના મોટા દડવા ગામે રહેતાં ૫૫ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે બાવચંદ પૂંજા ચૌહાણ અને તેની પત્ની સોનલબેન બાવચંદ ચૌહાણ (રહે. બંને ખજૂરી, વડીયા) અને બે અજાણ્યા શખ્સોનું નામ આપતાં આટકોટ પોલીસે બીએનએસ એક્ટ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૭૪ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણી ઘરકામ કરે છે અને તેના પતિ સેન્ટીંગ કામ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. તેમનો પુત્ર વિક્રમ આરોપીની પુત્રી સાથે ભાગી ગયેલ છે. જેથી આરોપી દંપતી સહિત ચાર શખ્સો ગઈકાલે ઈક્કો કારમાં ફરીયાદીનાં ઘરે ઘસી આવ્યાં હતાં. ફરીયાદીના ઘરમાં ગેરકાયદેસર રીતે આરોપીઓએ પ્રવેશ કરી મહિલાને કહેલ કે, તારો દિકરો વિક્રમ અને મારી દિકરી ક્યાં છે, તેમ કહેતાં મહિલાએ જણાવેલ કે, આ બંને ક્યાં છે, તે હું જાણતી નથી તેમ કહેતાં જ આરોપી બાવચંદ ચૌહાણ ઉશ્કેરાઈ ગયો હતો.



આરોપીએ મહિલાનો હાથ પગ બળજબરી પૂર્વક પકડી લઈ તેની સાથે લાવેલ ઈક્કો ગાડીમાં આરોપીઓએ બેસાડી અપહરણ કરી પોતાના ગામ ખજૂરી લઈ ગયાં હતાં. બાદમાં આરોપી દંપતીએ મહિલાને શરીરે એસિડ છાંટી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તેમજ આરોપી બાવચંદે ધારીયું મારવા ઉગામી હુમલાનો પ્રયાસ કર્યો હતો. તેમજ ચારેય આરોપીઓએ બેફામ ગાળો આપી ઢીકા પાટુનો મારમાર્યો હતો. બાદમાં મહિલા બેભાન જેવાં થઈ જતા આરોપીઓ મહિલાને વડીયા પોલીસ મથકે છોડી નાસી છૂટ્યા હતાં.

બનાવ અંગે જાણ થતાં આટકોટ પોલીસ મથકનો સ્ટાફ વડીયા પોલીસ મથકે પહોંચ્યો હતો અને મહિલાની ફરિયાદના આધારે ગુનો નોંધી પીઆઈ આર.એસ.સાકરીયા અને ટીમે આરોપી બાવચંદ ચૌહાણની ધરપકડ કરી અન્ય આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# ધુળેટી-જુમ્માની નમાઝ સાથે હોવાથી શહેર પોલીસ એલર્ટઃ હેડ ક્વાર્ટરના સ્ટાફની રજા રદ

## તહેવારો પર અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ કમિશ્નર એક્શન મોડમાં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આગામી શુક્રવારે ધુળેટી અને જુમ્માની નમાઝ સાથે હોવાથી પોલીસ એલર્ટ મોડમાં આવી ગઈ છે અને હેડ ક્વાર્ટરના સ્ટાફની રજા રદ કરી દેવામાં આવી છે. તેમજ ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, એલસીબી અને તમામ પોલીસ મથકનો સ્ટાફ ખડેપગે રહેશે. ઉપરાંત તમામ પોલીસ મથક વિસ્તારમાં વધારાનો સ્ટાફ પણ ફાળવી ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

ઉપરાંત આવતીકાલે જ સઘન પેટ્રોલિંગ હાથ ધરાશે અને તમામ વિસ્તારોમાં ખાસ નજર રાખવામાં આવશે. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, અગાઉ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આગામી ધુળેટી અને જુમ્માની નમાઝ સાથે આવતી હોવાથી રાજ્ય ભરની પોલીસને એલર્ટ કરવામાં આવી છે. ત્યારે શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા પણ ખાસ સુરક્ષા વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ખાસ હેડ ક્વાર્ટરના તમામ સ્ટાફની ધૂળેટીની રજા રદ કરી દેવામાં આવી છે.

ઉપરાંત તમામ ડીસીપી, એસીપીને ખાસ જવાબદારી સોંપવામાં આવશે. જેમાં ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, એલસીબી અને તમામ પોલીસ મથકનો સ્ટાફ ખડેપગે રાખવામાં આવશે. ધુળેટીના આગલા દિવસે ખાસ સંવેદનશીલ સહિતના તમામ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ કરવામાં આવશે. તેમજ ધુળેટીનો પર્વ અને જુમ્માની નમાઝ લોકો શાંતિથી ઉજવી શકે તે માટે ખાસ એક્સન પ્લાન પણ ઘડવામાં આવ્યો છે. તેમજ તમામ પોલીસ મથકમાં શાંતિ સમીતિની બેઠકનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. શહેર પોલીસ દ્વારા હેડ



ક્વાર્ટરમાં દર વર્ષે ધુળેટીના પર્વ પર ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવતો હોય છે. જેમાં પોલીસ કમિશ્નર સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પરીવાર સાથે એકબીજા પર કલરની છોળો ઉડાળી પર્વની ઉજવણી કરતાં હોય છે. ત્યારે આ વર્ષે ધુળેટી અને જુમ્માની નમાઝ સાથે હોવાથી પોલીસ કમિશ્નર દ્વારા હેડ ક્વાર્ટરના સ્ટાફની રજાની સાથે પર્વની ઉજવણીનો કાર્યક્રમ પણ રદ કરી નાંખવામાં આવ્યો છે અને તમામ સ્ટાફને ખાસ શહેરમાં સુરક્ષા માટે સ્ટેન્ડબાય રહેવાની સૂચના આપવામાં આવી છે.

ધુળેટી અને જુમ્માની નમાઝ એક જ દિવસે આવતી હોવાથી શહેર ભરની પોલીસ એલર્ટ મોડમાં આવી છે. ત્યારે સાયબર ક્રાઈમની ટીમ પણ ડિજિટલ મોડમાં આવી ગઈ છે. ધુળેટી પર્વ પર ખોટા તેમજ વૈમન્ય ફેલાઈ તેવાં મેસેજ કરતાં લોકો પર ખાસ નજર રાખશે અને તેવા લોકો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી પણ કરશે.

### ગ્રામ્ય પોલીસ પણ એલર્ટઃ શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં ડ્રોનથી નજર રહેશેઃ એસપી હિમકરસિંહ



**ધુળેટી અને જુમ્માની નમાઝ એક જ દિવસે આવતી હોવાથી ગ્રામ્ય પોલીસ પણ એલર્ટ મોડમાં આવી ગઈ છે. જે અંગે એસપી હિમકરસિંહએ જણાવ્યું હતું કે, સુરક્ષાને લગતી તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ધુળેટીના પર્વ પર આઈપીએસ થી કોન્સ્ટેબલ સુધીનો તમામ સ્ટાફ સતત ગ્રાઉન્ડ પર રહેશે. તેમજ રૂરલના તમામ પોલીસ મથકમાં શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી છે અને લોકોને શાંતિથી પર્વની ઉજવણી કરવાં અનુરોધ કરવામાં આવ્યો છે. ઉપરાંત ગોંડલ, ધોરાજી, ઉપલેટા, જેતપુર અને પડધરીને સેન્સેટિવ ઝોનમાં મુકવામાં આવ્યાં છે અને તે વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ પણ કરવામાં આવી રહ્યું છે.**

# જૂના માર્કેટ યાર્ડ નજીક હિટ એન્ડ રન, અજાણ્યા વાહનની ઠોકરે પ્રૌઢનું મોત


## વેલનાથ સોસાયટીથી યાર્ડ ખાતે જતી વખતે બનાવઃ અજાણ્વા વાહનનો ચાલક એક્ટીવાને ઉલાળીને ભાગી ગયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વાહન અકસ્માતની વધુ એક ઘટનામાં એક પરિવારના મોભીનું મૃત્યુ થયું છે. જુના માર્કેટ યાર્ડ નજીક માજોઠીનગરના ખુણે હિટ એન્ડ રનનો બનાવ બનતાં કોઠારીયા રોડ વેલનાથ સોસાયટીમાં રહેતાં વૃધ્ધનું ગંભીર ઈજા થવાથી મૃત્યુ થયું હતું. અજાણ્યો વાહન ચાલક એકટીવાસહિત આ વૃધ્ધને ઉલાળીને ભાગી ગયો હતો.

જાણવા મળ્યા મુજબ કોઠારીયા રોડ ચોકડી પાસે વેલનાથ સોસાયટીમાં રહેતાં ખીમાભાઈ આણંદભાઈ હુંબલ (ઉ.વ.૬૦) સવારે જુના યાર્ડ નજીક માજોઠીનગરના ખુણેથી વાહન અકસ્માતમાં ઈજા થયેલી હાલતમાં મળતાં ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, ચંદ્રસિંહ, ભાવેશભાઈ, તૌફિકભાઈ, ધર્મેન્દ્રભાઈએ આજીડેમ પોલીસને જાણ કરી હતી.

મૃત્યુ પામનાર ખીમાભાઈ બે ભાઈ અને છ બહેનમાં ત્રીજા હતાં અને બટેટાનો ધંધો કરી ગુજરાન ચલાવતાં હતાં. સવારે તેઓ માર્કેટ યાર્ડ ખાતેથી બટેટા લેવા જવા માટે પોતાનું એકટીવા લઈને ઘરેથી નીકળ્યા હતાં. એ દરમિયાન માજોઠીનગરના ખુણે કોઈ વાહનનો ચાલક તેમને ઠોકરે લઈ



ભાગી જતાં ગંભીર ઈજા થતાં તેમનું મૃત્યુ થયું હતું. બનાવને પગલે હુબલ પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. તેમને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે.

# રૂ.૪૫.૧૫ લાખનાં બાકી કરની રિકવરી માટે RTOએ વધુ ૧૯-કંપનીઓને નોટીસ ફટકારી

## નિયત સમયમાં બાકી કર ભરપાઈ ન કરે તો બાકીદારોની, મિલ્કતો ઉપર બોજો નખાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા આર.ટી.ઓ કચેરીએ છેલ્લા કેટલાંક દિવસોની વર્ષો જૂના બાકી વાહન ટેક્ષની રિકવરી માટે સઘન ઝુંબેશ શરૂ કરી છે.અને બાકીદારોને ધડાધડ નોટીસો ફટકારવાનું શરૂ કર્યું છે. ત્યારે આજે ફરી એકવાર આર.ટી.ઓ.વિભાગે શહેરની ૧૯-કંપનીઓને રૂ૪૫.૧૫ લાખનાં બાકી વાહનવેરા રિકવરી માટે નોટીસો ફટકારી છે.

આ અંગે આરટીઓ અધિકારી કે.એમ.ખપેડનાં જણાવ્યા મુજબ રાજકોટ આર ટી ઓ કચેરી દ્વાર કંપનીના નામે ચાલતા વાહનોના બાકી રહેલા વાહનોના ટેક્સ બાબતે ૧૮ કંપનીને ટેક્સ ડિફોલ્ટર નોટિસ આપી ટેક્સ ભરપાઈ કરવા જણાવેલ છે. આશરે કુલ ૪૫,૧૫,૮૨૩/- જેટલો કંપનીઓ દ્વારા તેમના વાહનનો ટેક્સ ભરપાઈ કરેલ ન હોવાનું ધ્યાને આવતા નીચે મુજબની વાહન ટેક્સ ડિફોલ્ટર કંપનીના વાહનોને નોટિસ આપવામાં આવેલ છે.

જેમાં વી આર એસ ક્રેન્સ એન્ડ સર્વિસીસ, લોજીસ્ટિક એન્ટરપ્રાઈઝ પ્રાઈવેટ લિમિટેડ, રેન્ટ્સ ક્રેન સર્વિસીસ, ઉપલ ક્રેન સર્વિસીસ, જગદંબા સર્વિસીસ, બોબીલી વેન્કટેસ્વરા રાવ, આનંતનાગ ક્રેન્સ એન્ડ ટ્રાન્સપોર્ટ, આર પી ક્રેન એન્ડ ટ્રાન્સપોર્ટ સર્વિસીસ, એસ બી હેવી એક્વપમેન્ટ્સ, ગુરુનાનક ક્રેન્સ,જી એમ કે ક્રેન્સ, સીરોસ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ, સુંદર ક્રેન્સ પ્રાઈવેટ લિમિટેડ, ફ્રેન્ડ્સ ઈક્વપમેન્ટ, કનક દુર્ગા એન્જિનિરીંગ, જે એસ બી ક્રેન સર્વિસ, ઘનશ્યામ ટ્રાવેલ્સ, જય મા આશાપુરા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ આમ ઉપરોકત મુજબની કંપની દ્વારા સરકારમા વાહનોના બાકી રહેલા વાહનોના કર બાબતે ભરાપાઈ કરવાનાં હેતુ થી નોટિસ આપવામાં આવેલ છે. અને નિયમોઅનુસાર ટેક્સ ભરપાઈ કરવા જણાવે છે.

તેમજ બાકી રહેલ કર ભરપાઈ કરવામાં નહી આવે તો જમીન જાયદાદ ઉપર બોઝો નાખવાની કાર્ય વાહી હાથ ધરવામા આવશે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે પણ રાજકોટ આર.ટી.ઓ કચેરી દ્વાર કંપનીના નામે ચાલતા વાહનોના બાકી રહેલા વાહનોના ટેક્સ બાબતે હાલ ૨૦ કંપનીને નોટિસ આપી ટેક્સ ભરપાઈ કરવા જણાવેલ છે.

આશરે કુલ ૫,૮૨,૮૮૩/- જેટલો કંપનીઓ દ્વારા તેમના વાહનનો ટેક્સ ભરપાઈ કરેલ ન હોવાનું ધ્યાને આવતા નીચે મુજબની સંસ્થાના વાહનોને નોટિસ આપવામાં આવેલ હતી.ગઈકાલે એ જી લોજીસ્ટિક,એ એસ ઈન્ફ્રાષ્ટ્રકચર, એ વી એન કન્સ્ટ્રકશન, આરવ એન્ટરપ્રાઈઝ, આશીર્વાદ કન્સ્ટ્રકશન, આદિત્ય અલ્ટ્રા સ્ટીલ લિમિટેડ, મારુતિ એન્ટરપ્રાઈઝ, એ એફ ટી ગ્લોબલ એલ એલ પી, અગ્રવાલ ગટર એન્ડ વેરહાઉસ, એગ્રીકલચર પ્રોડક્ટ માર્કેટ કમિટી, અભેલભાઈ જીલુભાઈ કપરાડાનો સમાવેશ થાય છે.

# રાજકોટના યુવાનની કાર ભાડે લઈ ૭.૨૦ લાખમાં વેચી દીધી !

## વડોદરાના ગઠિયા વિરૂધ્ધ અગાઉ માંજલપુર પોલીસમાં ગુનો નોંધાઇ ચુકયો છે : પોતે કરોડપતિ હોય તેવી ઈન્સ્ટાગ્રામમાં રીલ અપલોડ કરતો હતો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વડોદરાના ભેજાબાજે પોતાનું નામ બદલીને રાજકોટના રહીશ પાસેથી કાર ભાડે ફેરવવા લીધી હતી. ત્યારબાદ તેણે આ કારનો સોદો બારોબાર અન્ય વ્યક્તિને કરી દઈ ૭.૨૦ લાખ પડાવી લીધા હતા. જે અંગે કપુરાઈ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ પારેવડી ચોક પાસે મહાત્મા ગાંધી પ્લોટમાં રહેતા અને ડ્રાઈવિંગ કરતા રામસીંગ રમેશભાઈ જાદવે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, વર્ષ - ૨૦૨૩ માં અમારા કાકા અનિલકુમાર કાલીદાસ જાદવના નામે મેં એક કાર લોન પર ખરીદી હતી. થોડા સમય પછી આર્થિક પરિસ્થિતિ સારી નહીં હોવાના કારણે કાર ભાડે આપવાનું નક્કી કર્યુ હતું. ગત તા. ૦૬ - ૧૧ - ૨૦૨૪ ના રોજ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ આવી હતી. જેમાં લખ્યું હતું કે, તમારી કાર અમને ભાડે આપો અને પૈસા કમાવ. આ પોસ્ટ પર લખેલા નંબર પર મેં કોલ કરતા સામેથી બ્રિજેશભાઈ નામના વ્યક્તિએ મને કહ્યું હતું કે, તમારી કારનું દર મહિને ૩૫ હજાર ભાડૂ આપીશ. તમારે કાર આપવા વડોદરા આજવા ચોકડી પાસે આવવું પડશે. ત્યારે હું તમને લખાણ કરી આપીશ. જેથી, હું ૧૦ મી તારીખે વડોદરા આવ્યો હતો. ત્યાં બ્રિજેશસીંગને હું મળ્યો હતો. તેણે મને એડવાન્સ પેટે ૧૦ હજાર આપી ગાડી લઈ લીધી હતી અને કહ્યું હતું કે, હું તમને લખાણ મોકલી આપીશ.

એક મહિનો થવાછતાંય તેણે લખાણ મોકલ્યું નહતું અને ભાડૂ પણ આપ્યું નહતું. મેં તેને કોલ કરી ગાડી





પાછી આપી દેવા કહ્યું હતું.પરંતુ, તેણે ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. બે મહિના પછી મને દાહોદ જિલ્લાના લીમખેડાના વતની દિનેશ ભીમાભાઈ બારિયાનો કોલ આવ્યો હતો. તેમણે મને એવી વાત કરી કે, મેં બ્રિજેશ પાસેથી ૭.૨૦ લાખમાં તમારી કાર ખરીદી છે. પરંતુ, નામ ફેર થતું નથી. તમે એન.ઓ.સી. મોકલો. મારી સાથે છેતરપિંડી થતા મેં કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. તપાસ દરમિયાન એવી વિગતો જાણવા મળી હતી કે, બ્રિજેશસિંહના નામે વાત કરનાર વ્યક્તિનું સાચું નામ હિતેશ ગુલાબચંદ પ્રજાપતિ (રહે. માતૃકા રેસિડેન્સી, દરબાર ચોકડી પાસે, માંજલપુર) છે. કપુરાઈ પી.આઈ. ડી.સી.રાઓલે આરોપીને ઝડપી પાડયો છે.

આરોપી હિતેશે મકરપુરા વિસ્તારમાં રહેતા હસમુખભાઈ ઘેલાભાઈ પડાલીયા તથા હરણી વિસ્તારમાં રહેતા અલ્પેશકુમાર બહાદુરસીંગ રાઠોડની પાસેથી પણ કાર ભાડે ફેરવવાના બહાને લઈ છેતરપિંડી કરી હતી.

જે પૈકી એક કાર સ્ક્રેપમાં આપી દીધી હતી. અગાઉ તેની સામે સમા અને માંજલપુર પોલીસ સ્ટેશનમાં ગુના દાખલ થયા છે. ઈન્સ્ટાગ્રામ પર તે કાયમ થોકબંધ રૂપિયા અને પોતે કરોડપતિ હોવાનો વટ પાડતી રીલ અપલોડ કરતો હતો.